Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૪ • તા. ૩૧ ઑક્ટોબર ૨૦૧૬ થી ૦૬ નવેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## વર્ષ ૨૦૧૬ના સાંયરા નગરે પ.પૂ.સા. ભગવંતના પ્રવેશ – પર્યુષણપર્વ – પૂજનની યાદગાર તસ્વીરો

















# વર્ષ ૨૦૧૬ના સાંયરા નગરે પ.પૂ.સા. ભગવંતના પ્રવેશ - પર્યુષણપર્વ - પૂજનની યાદગાર તસ્વીરો

વધુ તસ્વીરો ૨૭મા પાને

















## સાંયરામાં પર્યુષણ ઉજવણી

સાંયરામાં પૂજ્ય સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા. તથા બાળ સાધ્વી શ્રી વિતરાગશીલાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પુર્યુષણ પર્વ ઉજવાયા, જેમાં મુંબઈ તથા દેશાવળથી ૧૭૦થી અધિક ગામવાસીઓએ હર્ષભેર ભાગ લીધો. સ્વપ્નનાનું ઘૃત મણ ૫,૫૫,૫૫૫ થયેલ. કુલ ઘૃત મણ ૭,૫૫,૫૫૫ થયેલ.

કલ્પસૂત્રનું જાગરણ તથા વરઘોડો ધામધૂમથી થયા, ભાદરવા સુદ ૬ના રંગમંડપ દ્વાર ઉદ્‌ઘાટન, મૂળનાયક શ્રી આદિનાથ ગંભારો ખોલવા તેમજ વિવિધ દેરીઓ ખોલવાની. ઘૃત ઉછામણીમાં સારા ચડાવા થયા. પારણા જાગરણ અને વરઘોડો ઠાઠમાઠથી નીકળેલ. પર્વ દરમ્યાન નાની મોટી ૩૪ તપસ્યા થઈ હતી. સંગીતકાર શ્રીમતિ સઈદા મીર (માંડવીવાળા) એ ભક્તિરસની રમઝટ બોલાવી. ચાતુર્માસ દરમ્યાન કિશોર સાંગારે સંગીતકાર તરીકે અને કેવલ સાવલાએ વિધિકાર તરીકે લાભ લીધેલ.

પર્યુષણ પર્વ બાદ તિર્થદર્શન અને ગુરૂવંદન કરવા ૪૬ ગામથી સંઘ મહાજનના ૨૦૦૦ થી અધિક સંખ્યામાં ભાવિકો પધાર્યા.

## અભિપ્રાય મોજણીમાં સહયોગ આપો :
## મુખ્ય હોદાઓની માટે બેમુદત મર્યાદા હોવી જોઈએ ?

ક.દ.ઓ. મહાજનમાં સર્જિકલ સ્ટ્રાઈક : મુખ્ય હોદાઓ માટે બે મુદતની મર્યાદા જોઈએ ? એ લેખ આપને વિચારવા લાયક લાગ્યો હોય તો આપને વિનંતિ છે કે 09725015107 પર ફક્ત 'YES' or 'NO' વોટસ-એપ માં મેસેજ મોકલી આપશો.

નોંધપાત્ર સંખ્યામાં "YES"ના મેસેજ આવેથી સમસ્ત મહાજનને વિનંતિ કરશું કે તેઓ આ બાબતે ઠરાવ કરીને દરેક મહાજનને મોકલે જેથી એના પર યોગ્ય તે કાર્યવાહી થઈ શકે.

મહાજન એ આપણી બાપીકી જાગીર નથી કે એના પર આપણે આજીવન હકુમત ચલાવી શકીએ.

કમાલની વાત એ છે કે એ જ પ્રમુખ જો રોટરી, લાયન્સ અથવા જૈન સોશિયલ ગ્રુપના પ્રમુખ થયા હોય તો ફરજીયાત એક વર્ષ પછી હોદો છોડી દે છે, એટલે જો આપણને આપણી ''મહાજન'' નામની સંસ્થા પ્રત્યે આદર હોય તો વધારેમાં વધારે સંખ્યામાં 'YES' નો મેસેજ જરૂરથી મોકલવા આગ્રહભરી વિનંતી છે.

જય જ્ઞાતિ મૈયા — **પ્રવિણ લોડાયા,** વડોદરા

## કચ્છનાં શ્રી પ્રબોધ મુનવરને
## રાષ્ટ્ર રત્ન એવૉર્ડ-૨૦૧૬ અર્પણ કરાયો.



નેહરૂ યુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંગ્લનીત પદમશ્રી ડૉ. મણિભાઈ દેસાઈ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ડૉ. અબ્દુલ કલામ જયંતિ નિમિત્તે સેવાવ્રતી અને સેવા ભાવના ને સમર્પિત દેશનાં જુદા-જુદા રાજ્યોના ૩૨ સેવાભાવીઓને ડૉ. બાબા સાહેબ આંબેડકર સાંસ્કૃતિ ભવન પૂના મધ્યે ભારત રત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્ર રત્ન એવૉર્ડ ૨૦૧૬ અર્પણ કરવામાં આવ્યો હતો. વિશાળ જનમેદની વચ્ચે કચ્છનાં પ્રબોધ મુનવરને આ પુરસ્કાર અર્પણ કરાયો હતો.

શિક્ષણ તજ્ઞ ડૉ. અશોક કે. પાટીલ, અપંગ આયુક્ત નીતીન જે પાટીલ, જનશક્તિ સમુહ સંપાદક શ્રી કુંદન ઢાંકે, ડૉ. રવિન્દ્ર ભોલે, ડૉ. સફિયા સિરાજ મોમીન, ડૉ. લલિતા જોગડ, ડૉ. મિલીંદ ચોધરી તથા ડૉ. અનીલ પાટીલે કાર્યક્રમનું અતિથિવિશેષ પદ શોભાવ્યું હતું.

મુળ કોઠારાનાં અને ભુજમાં રહેતા માનવજ્યોત સંસ્થા ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરને તેમની માનવસેવા-જીવદયા અને પર્યાવરણ સંબંધી પ્રવૃત્તિઓની નોંધ લઈ આ એવૉર્ડ અર્પણ કરવામાં આવેલ.

## શ્રી પ્રબોધ મુનવર ગુજરાતનાં બેસ્ટ
## પેરાલીગલ વોલન્ટીયર તરીકે પસંદગી પામ્યા.

મુળ કોઠારા ગામનાં અને હાલે વર્ધમાનનગર-કચ્છ (તા. ભુજ) મધ્યે રહેતા શ્રી પ્રબોધ એચ. મુનવરની ગુજરાતનાં બેસ્ટ પેરાલીગલ વોલન્ટીયર તરીકે પસંદગી ગુજરાત રાજ્ય લીગલ સર્વિસિઝ ઓથોરીટી અમદાવાદ દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતનાં ૩૩ જિલ્લાઓનાં પેરાલીગલ વોલનટીયરોમાંથી શ્રી પ્રબોધ મુનવરની વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈને આ પસંદગી કરવામાં આવી છે.

''લીગલ સર્વિસ દિવસ'' તા. ૯ નવેમ્બરના દિલ્હીમાં યોજાનાર કાર્યક્રમમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ શ્રી પ્રબોધ મુનવર કરશે.


## નૂતન વર્ષાભિનંદન

– પ્રકાશ સમીક્ષા સમિતિ

## શ્રી ક. દ. ઓ. જૈન સાંયેરા મહાજન ટ્રસ્ટ

ટ્રસ્ટ નોંધણી નં : એ-૪૩૩-કચ્છ.

સાંયેરા-કચ્છ.

### બેલેન્સ સીટ તા : ૩૧.૦૩.૨૦૧૬

| ફંડ અને જવાબદારીઓ | રકમ | રકમ | મિલકત અને લહેણું | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | | સ્થાવર મિલકત | | |
| મહાજન ટ્રસ્ટ ફંડ | ૨૫૯૨૮૩-૯૪ | | બંગલો | ૨૨૭૫૦-૦૦ | |
| દેરાસરજી ટ્રસ્ટ ફંડ | ૨૫૬૩૮૨૨-૧૪ | | આયંબિલ વાડી | ૧૬૬૯-૦૦ | |
| ચાંદીના દાગીના ફંડ | ૭૫૦૦૦-૦૦ | | ભોજનાલય-અતિથિગૃહ મકાન | ૬૧૦૭૯૩૫-૦૦ | |
| ભોજનાલય-અતિથિગૃહ | | | દેરાસરજી ચોક | ૫૧૭-૦૦ | |
| બાંધકામ ફંડ | ૮૭૩૭૬૩૮-૦૦ | ૧૧૬૩૫૭૪૪-૦૮ | ઓભાયા રામદે મકાન | ૮૯૬-૦૦ | |
| | | | જેઠા લખમશી મકાન ૨/૧૬૩ | ૪૫૦-૦૦ | |
| કાયમી અંકિત ફંડો | | | જયશ્રી મહારાજ મકાન ૨/૧૨૪ | ૪૫૦-૦૦ | |
| કાયમી અખંડ દિપક ફંડ | ૪૯૮૪૫-૦૦ | | ધનજી કેશવજી મકાન ૨/૧૦૫ | ૪૫૦-૦૦ | |
| કાયમી મોટી પુજા ફંડ | ૮૭૧૮૮-૩૯ | | ચાંપુબાઈ મુસરાઈ મકાન ૨/૨૦૦ | ૪૫૦-૦૦ | ૬૧૩૫૫૬૭-૦૦ |
| કાયમી આંગી ફંડ | ૪૫૨૪૬-૬૭ | | | | |
| કાયમી સ્નાત્ર પુજા ફંડ | ૨૬૭૯૫-૩૪ | | ફર્નીચર અને ડેડ-સ્ટોક | | |
| કાયમી જીવદયા ફંડ | ૨૨૨૪૫-૦૦ | | ફર્નીચર અને ફિક્ષ્ચર | ૧૪૧૫૫-૦૦ | |
| કાયમી મહા અભિષેક ફંડ | ૨૫૦૦૦-૦૦ | | મહાજન વાસણ | ૩૭૮૩૪-૦૦ | |
| કાયમી જીવદયા-ઘાસચારા ફંડ | ૭૦૬૧૧-૫૦ | | ભોજનાલય-અતિથિગૃહ ડેડ-સ્ટોક | ૧૨૦૦૬૩૨-૦૦ | |
| કાયમી ભોજનાલય મિતિ ફંડ | ૨૮૯૩૬૫-૦૦ | | દેરાસરજી ડેડ-સ્ટોક | ૩૮૧૧૯-૦૦ | |
| કાયમી ભોજનાલય ફોટો યોજના ફંડ | ૧૮૭૬૨૨૫-૦૦ | | મહાજન ડેડ-સ્ટોક | ૫૩૫૭૩-૦૦ | |
| કાયમી ભોજનાલય નિભાવ ફંડ | ૧૬૪૫૪૪-૦૦ | | ઈલેક્ટ્રીક ફીટીંગ | ૭૮૫૩-૦૦ | |
| કાયમી સાધારણ ફંડ | ૧૮૧૯૭૭૧-૦૦ | | ભોજનાલય-અતિથિગૃહ ફર્નીચર | ૩૪૩૮૨૯-૦૦ | ૧૬૯૫૯૯૫-૦૦ |
| કાયમી સર્વ સાધારણ ફંડ | ૩૬૭૬૧૮-૦૦ | ૪૮૪૪૪૫૪-૯૦ | | | |
| | | | દર-દાગીના | | |
| ચાલુ અંકિત ખાતાઓ | | | મહાજન સોનાના દાગીના | ૨૪૯૩૦૦-૦૦ | |
| જ્ઞાન ખાતું | ૬૨૩૫૮૭-૮૬ | | દેરાસરજી દાગીના | ૨૩૩૪૯૯૫-૦૦ | ૨૫૮૪૨૯૫-૦૦ |
| વંદામણી ખાતું | ૧૮૭૬૬-૨૩ | | | | |
| જીર્ણોદ્ધાર ખાતું | (૧૨૭૦૮૫-૦૦) | | રોકાણ | | |
| જીવદયા ખાતું | ૯૬૫૫૪-૦૦ | | એચડીએફસી-મુંબઈ એફડીઆર | | ૧૨૩૫૦૦૦૦-૦૦ |
| ભોજનાલય ખાતું | (૧૦૭૬૮૦-૩૦) | | | | |
| સર્વ સાધારણ ખાતું | ૯૮૫૯૯-૦૦ | ૬૦૨૭૪૧-૭૯ | PGVCL ડીપોઝીટ | | ૫૩૨૫૦-૦૦ |
| | | | | | |
| દેરાસરજી ખાતું | | | ટીડીએસ | | |
| ગઈ સાલની બાકી | ૨૦૮૨૫૦૧-૯૧ | | વર્ષ : ૨૦૧૦-૨૦૧૧ | ૨૪૦૫૦-૦૦ | |
| ચાલુ વર્ષનો વધારો | ૨૫૫૪૮૨-૦૦ | ૨૩૩૭૯૮૩-૯૧ | વર્ષ : ૨૦૧૧-૨૦૧૨ | ૫૧૯૯૯-૦૦ | |
| | | | વર્ષ : ૨૦૧૨-૨૦૧૩ | ૭૨૪૮૫-૫૬ | |
| સાધારણ ખાતું | | | વર્ષ : ૨૦૧૪-૨૦૧૫ | ૭૯૬૬૪-૦૦ | |
| ગઈ સાલની બાકી | ૨૪૫૩૬૯૧-૫૨ | | વર્ષ : ૨૦૧૫-૨૦૧૬ | ૮૨૬૨૪-૦૦ | ૩૧૦૮૨૨-૫૬ |
| ચાલુ વર્ષનો વધારો | ૧૯૪૫૮૪-૦૦ | ૨૬૪૮૨૭૫-૫૨ | | | |
| | | | રોકડ તથા બેંક બેલેન્સ | | |
| મહાજન ખાતું | | | દેના બેંક-કોઠારા બચત ખાતા | | |
| ગઈ સાલની બાકી | ૧૯૩૮૩૨૭-૪૮ | | નં : ૦૩૨૬૧૦૦૦૧૮૭૫ | ૧૭૦૨૬૯-૦૦ | |
| ચાલુ વર્ષનો વધારો | ૩૫૧૬૭-૦૦ | ૧૯૭૩૪૯૪-૪૮ | દેના બેંક-મુંબઈ બચત ખાતા | | |
| | | | નં : ૦૦૨૩૧૦૦૦૧૭૧૩ | ૭૦૮૫૮૨-૧૨ | |
| | | | રોકડ પુરાંત | ૩૩૯૧૪-૦૦ | ૯૧૨૭૬૫-૧૨ |
| | | | | | |
| કુલ | | ૨૪૦૪૨૬૯૪-૬૮ | કુલ | | ૨૪૦૪૨૬૯૪-૬૮ |

તપાસ્યું અને બરાબર માલુમ પડયું

વતી ખીમજી કુંવરજી ની કંપની (ગાંધીધામ)

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

ફર્મ રજીસ્ટ્રેશન નં : ૧૦૫૧૪૭ ડબલ્યુ

ટ્રસ્ટી : ટ્રસ્ટી

તારીખ : 12 SEP 2016

**શ્રી કદઓ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

**સાંયરા – કચ્છ.**

પદમશી એલ. શાહ

ભાગીદાર

સભ્યપદ નં : ૫૧૩૬

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 44/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અઠ્ઠાઈની અનુમોદના

હમણા વોટસ-અપ પર એક મેસેજ વહેતો થયો. જેમાં કોઈ કવિએ અમુક લીટી લખી હતી.

મંદિરની બહાર લખ્યું હતું કે ઉપવાસ કરવાથી ભગવાન ખુશ થયા હોત, તો આ દુનિયામાં ઘણા દિવસથી ખાલી પેટ રહેનારો ભીખારી સહુથી સુખી માણસ ગણાયો હોત...

ઉપવાસ અન્નનો નહિં પણ વિચારોનો થવો જોઇએ. મનુષ્ય પોતાની નજરોમાં સાચો હોવો જોઇએ. દુનિયા તો ભગવાનથી પણ દુઃખી છે... ચકલીયો જ્યારે જીવતી હોય છે ત્યારે તેઓ કિડી ને ખાય છે, અને જ્યારે ચકલી મરી જાય છે ત્યારે કિડીઓ તેમને ખાઈ જાય છે.

એક પત્થર ફક્ત એક વાર મંદિર જાય છે અને ભગવાન બની જાય છે.... જ્યારે માણસ દર રોજ મંદિર જાય છે, છતાં પત્થર જેવો જ રહે છે.

ઉપર લખ્યું છે કે અપવાસ કરવાથી ભગવાન ખુશ થયા હોત તો સૌથી સુખી માણસ ભીખારી જ હોત.

આ જ વાત આગમમાં આ પ્રમાણે લખી છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે :

''જે જ્ઞાન મેળવવા તપ કરે તેને તપ કહેવાય અન્યથા એ ભુખમરો કહેવાય'' ગાથા નં. ૪૪૦ થી ૪૫૦ સુધી ''સમ્મણ સુત્ત'' ગ્રંથમાં વાંચી જવી. અથવા પુજ્ય મુનિરાજ ભુવનચંદ્ર વિજયના મહારાજ સાહેબ સાથે વિગતે ચર્ચા કરવી.

છેલ્લા ૨૫ વર્ષોમાં જેટલા લોકોએ અઠ્ઠાઈ, માસક્ષમણ, સોળભત્તા, વરસીતપ અથવા બીજી કોઈ તપશ્ચર્યા કરી હોય તે બધાની આજના જીવનની દિનચર્યાનું રીસર્ચ કરવું જોઇએ.

આ તપસ્વીઓ આજની તારીખે નવકારશી ચૌવિહાર, પ્રતિક્રમણ નાની મોટી તપશ્ચર્યા, વ્યાખ્યાન શ્રવણ, ધાર્મિક પુસ્તકોનું વાંચન, દા.ત. ભગવતિ સૂત્ર, ઉત્તરાધ્યાયન સૂત્ર, આયારાંગ સૂત્ર, સમ્મણ સૂત્ર વિગેરે કેટલા સૂત્રોનું ચિંતન - મનન કર્યુ. સ્વાધ્યાય કર્યુ તેનું રીસર્ચ કરવું જોઇએ.

કંદમૂળના ત્યાગ, છ વિગઈનો અમુક સમયે ત્યાગ, વ્યાપારમાં પ્રામાણિકતા નોકરીપેશામાં લાંચરુશ્વત ના લીધી હતા, સાહેબો પાસે પૈસાની લેવડદેવડમાં પોતે પૈસા ના લીધા હોય કે ન ખાધા હોય સત્યનું હંમેશા આચરણ કર્યું હોય. ભગવાન મહાવીરને દરરોજ નજર સમક્ષ રાખીને ઇન્કમટેક્ષ એકસાઈઝ, બીજા સત્તર પ્રકારના ટેક્ષની ચોરી ના કરી હોય. અભિમાન, ગુસ્સો, લોભ, ઈર્ષ્યા, વિગેરે ખડરિપુને ધીરેધીરે ઓછા કર્યા હોય એવી અનેક બાબતોની માહિતિ મેળવીએ તો ખબર પડે કે નાની ઉમરે કરેલા અપવાસથી વ્યક્તિ ખરેખર મુમુક્ષુ બન્યો કે નહીં ?

દરેક ધર્મમાં નાના બાળકોનો કેવી રીતે ઉપયોગ થાય છે તે જુઓ. તમને યાદ છે I.S. (ઈસ્લામીક સ્ટેટ) સાથે જોડાયેલા ઓસ્ટ્રેલિયન આંતકવાદી ખાલિદ શારુફે લગભગ બે વર્ષ પહેલાં એના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મૂકેલી પોતાના સાત વરસના દીકરાની તસવીર તમે જોઈ હોય તો હજી ભૂલ્યા નહીં હો. નિર્દોષ, સુંદર ચહેરો ધરાવતા બાળકે એના હાથમાં એક સિરિયન સોલ્જરનું કપાયેલું માથું લટકાવ્યું હતું. જાણે હાથમાં કોઈ રમકડુ પકડયું હોય એમ છોકરો હસી રહ્યો હતો અને એના બાપે તસવીર નીચે લખેલું 'THAT'S MY BOYS' (જોઈ લ્યો, મારા બેટાને)

થોડા દિવસ પહેલા તુર્કીમાં એક લગ્નપ્રસંગે બોમ્બ ધડાકો થયો, એમાં લગભગ સાઠ લોકો માર્યા ગયા, એ સમાચાર ભયાનક હતા. મરનારામાં અડધોઅડધની ઉમર અઢાર વરસથી ઓછી હતી અને મોટા ભાગના તો ૪ થી ૧૩ વરસના હતા, એ સાંભળીને તો ભલભલાનું કાળજું કંપી ગયું, પણ પછી એનાથીએ મોટો આંચકો એ સાંભળીને લાગ્યો કે, આ મોતનું તાંડવ સર્જનારો પણ એક નાનો બાળક જ હતો. ૧૨ થી ૧૪ વર્ષ વચ્ચેની વય ધરાવતો એ છોકરો એના જેકેટમાં વિસ્ફોટક સામગ્રી ભરીને ત્યાં આવ્યો હતો.

ધડાકામાં એ પોતે માર્યો જવાનો હતો એ નિશ્ચિત હતું. પણ તોયે એણે આ કામ કર્યું અને હવે સંભળાય છે કે, દુનિયા આખીમાં કાળો કેર વર્તાવી રહેલું. I.S. (ઈસ્લામીક સ્ટેટ) તરીકે ઓળખાતું આંતકવાદી સંગઠન આવા અનેક બાળ આંતકવાદીઓને તૈયાર કરી રહ્યું છે.

ટર્કીના લગ્ન સમારંભમાં ત્રાટકેલા નાનકડા સ્યુસાઈડ બોમ્બરનો બાપ પણ અત્યારે પોતાના મૃત બેટા માટે આવું જ ગૌરવ લઈ રહ્યો છે અને પોતાના સંતાનને જન્નત (મોક્ષ) મળ્યું એવું અભિમાન પુર્વક કહી રહ્યો છે અને જેમના સંતાનો ગયા નથી તેઓ અફસોસ કરી રહ્યા છે. જેમ આપણા સંતાનોએ અઠ્ઠાઈ કરી નથી તેનો આપણને અફસોસ રહી ગયો હોય.

દરેક ધર્મના નિયમ અલગ અલગ હોય છે. રસ્તા જુદા-જુદા હોય છે. પણ દરેકને જવુંતો જન્નત જ છે. મોક્ષ જ છે.

દુ:ખ એ વાતનું છે કે લોકો આવું કરે ત્યારે બીજાઓ એમની વાહવાહ કરે છે અને ધર્મગુરૂઓના, મુલ્લા મૌલવીઓના, શંકરાચાર્યોના આશિર્વાદના નામે પ્રોત્સાહન મળે છે.

આવી આકરી તપશ્ચર્યા કરનાર બાળકના વડીલો, જેહાદમાં મોકલનાર ઈસ્લામિક વડીલોની જેમ પ્રસન્ન થાય છે.

બાળકમાં નાનપણમાં મોક્ષમાર્ગ પ્રયાણ અથવા જેહાદમાં જવા માટે આવા સંસ્કાર રોપવા બદલ એમની પ્રશંસા થાય છે. છાપામાં નામ અને ફોટા છપાય છે.

વડીલો, રાજકારણીઓ, ધર્મગુરૂઓ, ધર્મરક્ષકો, દેશપ્રેમીઓ વગેરેને પુણ્યના પોટલાં બાંધવા હોય, પૃથ્વી પર ખુદની સત્તા અને પ્રતિષ્ઠા વધારવી હોય અને મર્યા પછી સીધા જન્નતમાં જવું હોય, બીજા જન્મે શ્રીમંત ઘરમાં જન્મવું હોય, તો બાળકોએ થોડી મહેનત તો કરવી પડે, પછી ભલે એ કોઈપણ દેશ હોય કે ધર્મ.

હિન્દુઓના બાળકો ફરાળી ઉપવાસ કરીને, શિખ્ખો લંગરમાં લોકોને જમાડીને અને બટુપોલીસ કરીને, જૈનો અઠ્ઠાઈઓ કરીને અને ઈસ્લામના બાળકો જેહાદમાં જઈને જન્નત કે મોક્ષમાં જવાના જવાના ને જવાના ?

**– પ્રવિણ લોડાયા** (વડોદરા)


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


# આદરાંજલિ



**શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા**

**લાલા - ઘાટકોપર**

અરિહંત શરણ : તા. ૨૬-૧૨-૨૦૧૬

**પ્રતિભાવંત, નેતૃત્વ ગુણ સંપન્ન**
**લાલા ગામને સમર્પિત મન**
**અરિહંત શરણે ચિરશાંતિ પામો**
**પ્રાથે લાલા ગામવાસી સ્વજન.**

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ તથા લાલા ગામવાસી**

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ


કાર્યાલય : નરેન્દ્ર શામજી દંડ, ૧૬ શાંતિ ભુવન, ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૮૦.
ફોન : ૨૫૬૪ ૭૫૭૨ ઈ-મેલ : narendra_shah2006@yahoo.co.in


**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા અને ઘ્રુફ્રી ગામના ભાઈ - બહેનો**

''જય જીનેન્દ્ર'' ''મિચ્છામિ દુક્કડમ્''

આ વર્ષે આપણા ગામમાં શ્રી જીરાવલ્લા દાદા તથા શ્રી શામળીયાજી દાદાની અસીમ કૃપાથી પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞા-આશીષથી વર્તમાન ચાર્તુમાસીય પ.પૂ.સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. આદિઠાણાની અસીમ નિશ્રામાં સારી એવી સંખ્યામાં ગામવાસીઓ એ પર્યુષણનો રૂડો પર્વ ઉજવ્યો. આપ સૌ એ પણ રૂડી રીતે ઉજવ્યો હશે, જે મજા વતનમાં આવે એવી તો અહીં ક્યાંથી હોય ? તો આપણે બધા ગામવાસીઓ આપણા વતનને યાદ કરવા સાથે મળી ''ક્ષમાપના'' ના કાર્યક્રમમાં સાથે મળીયે.



હર પલ માં મુક્તિદુત તરીકે એક મંત્ર જે દરેક જૈન ભાઈઓએ પોતાના અંતકરણમાં રમતો રાખેલ છે. જે આપણા હૈયાને મહાવિદેહ તરફ લઈ જાય છે. જે રાગ, દ્વેષ, લોભ, ક્રોધ અને માયાથી દુર રાખે છે, એજ મૈત્રી પ્રેમની ધારા વધારવા શ્રી તેરા, કુવાપધર, લાખણીયા તથા ઘ્રુફ્રી ગામવાસીઓ તથા આપણી નિયાણી બહેનો સહપરિવાર પધારવા આમંત્રણ આપીએ છીએ. આ વર્ષે આપણે **તા. ૨૦/૧૧/૨૦૧૬ રવિવાર** ના ''ભાંડુપ''માં ૩૨મો આપણું સ્નેહમિલન રાખેલ છે.

## ''ક્ષમાપના''

સમારંભ પ્રમુખ : **શેઠશ્રી લક્ષ્મીચદં ધારશી મોતા** (લાખણીયા - વડાલા)

**શેઠશ્રી નરશીનાથા બેંક્વેટ હૉલ (એસી), અનંત સિધ્ધી, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.**

આ માટે આપ સહુ ને સહર્ષ આમંત્રણ આપીએ છીએ. આપ સર્વે આ કાર્યક્રમમાં હોંશે હોંશે જોડાશો. આ કાર્યક્રમની રૂપરેખા ટુંકમાં નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૯.૩૦ કલાકે | સ્વાગત ગીત |
| ૧૨.૩૦થી ૨.૦૦ | બપોરનું જમણ |
| ૧.૩૦થી ૩.૦૦ | દાંડીયા રાસ |
| ૧૦.૦૦ | સંગીતના સથવારે સમુહ ક્ષમાપના, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણની બોલી તથા લાભ લેનાર ભાગ્યશાળીના હસ્તે હારારોપણ બાદ તપસ્વી બહુમાન તથા સરસ્વતી બહુમાન |

**ખાસ નોંધ :** તા. ૦૧/૦૨/૨૦૧૭ તેરા તીર્થના શ્રી જીરાવલ્લા દાદા અને શામળીયાદાદાના ધ્વજારોહણનો પ્રસંગ વસંત પંચમીના રોજ આવે છે. કાર્યક્રમ દરમ્યાન ધ્વજાની ઉછામણી તથા જિનાલયની દેરીઓના ઉછામણી ધ્વજાની બોલીને આદેશ આપવામાં આવશે.

૧. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા આપના તરફથી ઉદાર દિલથી ફંડ ફાળો લખાવવાની ટહેલ નાખવા અમારા કાર્યકરો આવશે ત્યારે ઉમળકાભેર સાથ સહકાર આપવા નમ્ર વિનંતી. આપણુંજ ગામ છે અને આપણ નેજ પ્રસંગ દિપાવવો છે એટલે જરૂરથી સારો એવો ફાળો નોંધાવવા ખાસ વિનંતી છે. ૨. જે કોઈને અઠ્ઠાઈ કે તેથી વધુ તપની આરાધના કરેલ હોય તેમણે પોતાના નામ તા. ૧૦/૧૧/૨૦૧૬ સુધીમાં અત્રે જણાવેલ કાર્યકર્તાઓ પાસે નોંધાવી શકાશે. કાર્યક્રમના સ્થળે નોંધાશે નહિં. ૩. માર્ચ-એપ્રીલ વર્ષ : ૨૦૧૬ના વર્ષની પરીક્ષાઓમાં ધોરણ : ૧ થી ૧૦ અને ૧૨માં કોઈપણ માધ્યમમાં પાસ થયા હોય અથવા અન્ય કોઈ ડિગ્રી/ડિપ્લોમા મેળવેલ વિદ્યાર્થીઓએ પોતાના પરીણામની નકલ સાથે તા. ૧૦/૧૧/૨૦૧૬ સુધીમાં નીચે જણાવેલ કાર્યકર્તાઓ પાસે નોંધાવવા વિનંતી. કાર્યક્રમના સ્થળે નોંધાશે નહિં. ૪. સરકારશ્રી દ્વારા સન્માનિત મહાનુભાવોનું અભિવાદન તથા અન્ય કોઈપણ ક્ષેત્રમાં આગળ પડતી વ્યક્તિઓની અમોને જાણ થયેથી સન્માન કરાશે. ૫. જે ભાગ્યશાળીને સંઘ પૂજન કરવું હોય, તેમણે શ્રી સંઘના કાર્યકરોનો સંપર્ક સાધવા તેમજ નકરા સિવાય અન્ય ફાળો પણ સ્વીકારવામાં આવશે. ૬. પોતાના જાહેર થયેલ ઈનામો કાર્યક્રમના દિવસેજ લઈ લેવા. ૭. આપના નામ-સરનામા-ટેલી./મોબાઈલ નંબર ચેક કરાવશોજી. ૮. હજી સુધી આજીવન સભ્ય ન બન્યા હો તો રૂા. ૨૫૧/- ચુલ્લા દીઠ ભરી આજેજ સભ્યપદ નોંધાવશોજી.

**ખાસ નોંધ :** મુંબઈ બહારગામ થી પધારનાર તેકુલાધુવાસીઓને ખાસ સહર્ષ આમંત્રણ છે કે આપ સહ હોંશે હોંશે પધારી કાર્યક્રમની શોભા વધારશો એજ વિનંતી અને આપને પણ ગ્રામજનો સાથે ગપ્પા ગોઠડી કરવા, હળવા-મળવાનો રૂડો અવસર મળશે. તો વરસમાં એક દિવસ પોતાના ગામ માટે કાઢશો ને ? આપણાંજ ગામના કામ માટે, આપના નામ નોંધાવી કાર્યકર્તા તરીકે જરૂરથી સહભાગી થઈ ગામ તથા માદરે વતન પ્રત્યેની વતન દાઝ જરૂરથી બતાવશો એજ નમ્ર વિનંતી. તમો પણ કાર્યકર્તાઓના લીસ્ટમાં સામેલ થઈ ગામ પ્રત્યેની ફરજ બજાવી શકો છે. તે માટે લીસ્ટમાં લખેલ કાર્યકર્તાઓના સંપર્ક કરવો. આપના સલાહ સૂચનો આવકાર્ય છે. આ મેળાવડો આપણાંજ ગામનાં યુવાન-યુવતીઓએ ખાસ અંતરના ઉમંગથી આપની હાજરીમાં ઉજવવાનું નક્કી કરેલ છે, માટે... કરો તૈયારી સ્નેહમિલન તથા મહોબ્બતના મેળામાં મહાલવા, હળવા-મળવા, વાગોળવા, ગ્રામજનો સાથે ગપ્પા ગોઠડી કરવા, ખમવા અને જમાવવા, રમવા અને રમાડવા... આનંદની પળોમાં ઝબોળાવા... અંતરના સ્નેહથી ભીંજાવા... એ... હાલો. હાલો.

એજ લિ. **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ વતી**

પ્રમુખ : **શ્રી પ્રફુલ ચિમનલાલ મોતા** - ૯૮૧૯૪ ૫૦૦૦૪ • ઉપપ્રમુખ : **કવિતા હેમંત ધુલ્લા** - ૯૬૧૯૩ ૧૨૩૧૩ • સહઉપપ્રમુખ : **વિપુલ વિનોદ ધુલ્લા** - ૮૮૭૯૩ ૩૩૫૯૯ • માનદ્મંત્રી : **દક્ષા લાજેશ મોતા** - ૭૨૦૮૪ ૦૮૫૦૮ • સહમાનદ્ મંત્રી : **નિમેષ મણીકાંત મોતા** - ૯૯૨૦૨ ૮૧૪૧૪ • ખજાનચી : **રાજેશ નારાણજી ખોના** - ૮૪૫૦૯ ૭૯૮૯૪ • સહખજાનચી : **મોનિકા ગોવિંદજી મોતા** - ૯૮૯૨૦ ૨૬૫૬૮ • સહકમિટી કાર્યકર્તા : **કમલેશ શિવજી શીયાળ** - ૯૮૬૭૯ ૭૯૨૮૯, **મમતા મયુર ધરમશી** - ૯૫૯૪૩ ૩૮૩૫૮

**મિચ્છામિ દુક્કડમ**

## કચ્છ : ભુગોળ - ઈતિહાસ - સંસ્કૃતિ - ભાગ ૩ સંસ્કૃતિ

**ભાષા અને લોકસાહિત્ય :**

કચ્છી ભાષાએ સિંધી ભાષાની ભગિની ભાષા છે. તે સિંધીને મળતી આવે છે. આમ છતાં તેમાં સંસ્કૃત શબ્દો પણ મળે છે. આ ભાષા લિપિ ધરાવતી નથી. માત્ર લોકબોલી છે. કચ્છીઓ લેખન પહેલા દેવનાગરીમાં કરતા હતા આજે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરે છે, નાન્યતર જાતિ વિનાની, એકાક્ષરી કચ્છી એ પોતાના પ્રદેશની આગવી ઓળખ છે. અંદાજે ૫ લાખ લોકા માત્ર કચ્છી ભાષા જ સમજે છે અને તેમાં જ વ્યવહાર કરે છે આમ છતાં દરેક કચ્છીની માતૃભાષા કચ્છી નથી. કોઈ આધાર ન મળતાં તેમજ લિપિ કે માન્યતા ન મળતા તે માત્ર બોલી તરીકે જ પ્રચલિત છે.

કચ્છીએ પૌરૂષપણાની ભાષા છે શાંતરસ કે શ્રૃંગારરસ કચ્છી ભાષાને ફાવતા નથી. આવા વિવિધ તત્ત્વો ભરેલી કચ્છી ભાષા સદા જોબનવંતી છે. કચ્છી ભાષાનો ઉદય હિંદી, સિંધી, રાજસ્થાની અને ગુજરાતીના મિશ્રણથી થયેલો જણાય છે. કચ્છી બોલીનો કોશ વિશાળ છે. કચ્છી બોલી બોલવામાં કડક અને રૂઆબદાર છે. જોડાક્ષરોનું બહુ મહત્ત્વ નથી. ''વંકી ધરા, વંકી પ્રજા અને વંકી બોલી'' વાહરે કચ્છી વાણી આમ કચ્છી ભાષાનું રૂપ લે તે પહેલાથી બોલી સ્વરૂપે અસ્તિત્વમાં છે. કચ્છી બોલનારાની સંખ્યા બીજા નંબરે આવે છે. મુખ્યતઃ વ્યવહારમાં ગુજરાતી ભાષા વપરાય છે.

કચ્છી સાહિત્યમાં સૌપ્રથમ સ્થાને લોકસાહિત્ય આવે છે. દરેક પ્રદેશની ઓળખ સૌપ્રથમ સ્થાને લોકસાહિત્ય હોય છે. લોકસાહિત્યની વિભાવનામાં લોકકથાઓ, વાર્તાઓ, ગીતો વગેરે હોય છે. સંતો, ભક્તો, શૂરવીરો વગેરેના જીવનની અભિવ્યક્તિ અને તેમાંથી ઉત્પન્ન થતા ભાવો જેવા કે ભક્તિ, કરૂણા, શૌર્ય, દેશાભિમાનના ગીતો, શ્રૃંગારિક, પ્રણય, જોબન, મિલન અને વિયોગના ભાવો સમાયેલા હોય છે. કચ્છના લોકસાહિત્યના અમરપાત્રો જેસલતોરલ, હોથલપદમણી, વ્રજવાણી, લાખો ફુલાણી, શેણી-હમીર વગેરે સાથે સંતોના જીવનકવન જેવા નામો સિધ્ધ ધોરમનાથ, મોડપીર, રાવળપીર, રામદેવપીર, ધણી માતંગ અને મેકરણદાદાને ગણાવી શકાય. જે સંતની આગમવાણી આજે પણ કચ્છમાં દર વર્ષે વાંચી સંભળાવવામાં આવે છે. એવા આગમના ભાખનાર મામૈયાદેવ તો કચ્છી બોલીમાં આગમ ભાખે છે. જેથી તે લોકસાહિત્યના સર્જક છે. આમ કચ્છી કહેવતો પિરોલીઓ તેમજ કચ્છીમાં રૂઢ થયેલ તમામ આદરપાત્ર પ્રકાર કચ્છી સાહિત્યમાં જોવા સાંભળવા મળે છે. પરિયાગત ઉતરેલું કચ્છનું મોટાભાગનું લોક સાહિત્ય પદ્યમાં છે. આ પરંપરાથી વહીવંચા, બારોટો રાવણહથ્થાવાળા રાવળો લોકસાહિત્યની અસલ સામગ્રીથી લોકોને વ્યવહારૂજ્ઞાન, આચારવિચાર, વાણી વર્તન શીખવે છે અને આનંદ આપે છે. કચ્છી લોક સાહિત્યમાં દાનનો મહિમા અનેરો છે. ભજન પ્રકાર જેવી કચ્છી કાફીઓમાં જુસ્સાભરી જમાવટ હોય છે. કચ્છી બોલી અને કચ્છી લોકસાહિત્ય સામાન્ય જનસમુદાયના હૃદયને જાગૃત રાખે છે. જનતાને સતેજ અને સંસ્કારસભર બનાવે છે.

**કચ્છી કલા-સંગીત :**

અભણ એવી પ્રજા અભ્યાસ વિના કે કંપાસ અને ભૂમિતિના સાધન વિના ચોકસાઈથી આભલાભારત, માટીકામ, બાંધણી વગેરે કરે તો તે નાનૂસૂની વાત નથી. કચ્છ એ રામસિંહ માલમની ભૂમિ છે. જેણે સોના-ચાંદી પર મીનાકામ કરવાની હુન્નર શાળા શરૂ કરી અને મીનાકામને વિશ્વવિખ્યાત બનાવ્યું. કાચ બનાવવાની કળા વિકસાવી તો કમાંગરશૈલીના ભીંતચિત્રો પણ કળાના અદ્ભુત ખજાનો છે. લોકો પોતાના ઘર દ્વારે શુભપ્રસંગોએ ચિત્રો અચૂક દોરાવતા.

કચ્છી ગાયકીની મૂળ કે પ્રાકૃત અવસ્થા, સ્થાનિક લઢણમાં ગવાય ત્યારે તેની ખાસિયત અલગ તરી આવે છે. કચ્છી કાફી, મોરચંગના સૂર, જોડિયાપાવા, ગામડે ગામડે રબારીની ધાર, લંઘાઓના ઢોલ, કોળીઓના રાસ, આહિરોના ગીતો, મેઘવાળોના ભજન અને રાવળોના દૂહાછંદમાંથી કચ્છી રાગિણનો સ્વર મળી રહે છે. આમ કચ્છી ગીત, લોકગીત અને સંગીત તેમજ અલખની આરાધના માટે ભાંગતી માઝમ રાતે કે પ્રસંગોપાત આનંદ અને નિજાનંદ માટે ગવાય છે. કચ્છીમાં સંગીતને ગાયકી કહેવાય છે.

લોકજીવન જ્યારે શાંત અને સ્થિર હોય ત્યારે કલા સમૃદ્ધિ ખીલે છે. કચ્છના ઈતિહાસમાં સાહિત્ય, સંગીત અને લલિતકલાઓનો વિકાસ પણ સમયોચિત થયેલો છે તો


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574

દિવાળી સુધી રવિવારે પણ ચાલુ



**પ્રબોધ એચ. મુનવર**
મો. ૯૯૨૫૧૬૯૮૭૬

# રાષ્ટ્રરત્ન એવોર્ડ-૨૦૧૬ મેળવવા બદલ અભિનંદન

નેહરૂ યુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઈ દેસાઈ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે સેવાવ્રતી સમર્પિત ભાવના સાથે કાર્યો કરનાર મુળ કચ્છ કોઠારા અને હાલે વર્ધમાનનગર-કચ્છ (તા. ભુજ) મધ્યે રહેતા, શ્રી પ્રબોધ એચ. મુનવરને તેમની માનવસેવા, જીવદયા અને પર્યાવરણની પ્રવૃત્તિઓને ધ્યાને લઈ ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડ-૨૦૧૬,, ડો. બાબા સાહેબ આંબેડકર સાંસ્કૃતિ ભવન પૂના મધ્યે અર્પણ કરવામાં આવ્યો એ બદલ ખુબ ખુબ અભિનંદન... આપશ્રી ખુબ જ પ્રગતિ કરો એવી શુભેચ્છાઓ...

માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર સમસ્ત પરિવારજનો કોઠારા-કચ્છ.

- અ.સૌ. પ્રેમીલાબેન હરીશભાઈ મુનવર- અમદાવાદ
- અ.સૌ. જયાબેન પ્રબોધ મુનવર- વર્ધમાનનગર-કચ્છ.
- અ.સૌ. રેવંતીબેન ચન્દ્રકાન્ત મુનવર- વર્ધમાનનગર-કચ્છ
- અ.સૌ. હર્ષા દિપેશ મુનવર
- અ.સૌ. દીશા જીગેશ મુનવર
- અ.સૌ. પ્રિયંકા ઉમેશ મુનવર
- અ.સૌ. રીચા અજેશ મુનવર

કર્મ તથા કનિષ્ક દિપેશ મુનવર

## રાષ્ટ્રરત્ન એવોર્ડ-૨૦૧૬ મેળવવા બદલ અભિનંદન



**પ્રબોધ એચ. મુનવર**
કોઠારા-કચ્છ હાલે વર્ધમાનનગર
ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ
''રાષ્ટ્ર રત્ન એવોર્ડ-૨૦૧૬,
મેળવવા બદલ હાર્દિક અભિનંદન.

:: શુભેચ્છક ::

અ.સૌ. રૂપલ મનીષ મોમાયા-ગાંધીધામ-કચ્છ.
અ.સૌ. ઝંખના ગૌરવ મોમાયા-ગાંધીધામ-કચ્છ.
અ.સૌ. અમિતા તુષાર જૈન-વર્ધમાનનગર-કચ્છ.
અ.સૌ. જયોતિ કેતન લોડાયા-ગાંધીધામ-કચ્છ.
કુ. હીનલ ચન્દ્રકાન્ત મુનવર-વર્ધમાનનગર-કચ્છ.
પ્રિત-અર્પિતા, પ્રિયેશ, તનિષ્ક, ફેનાલી, નવ્યમ્

## રાષ્ટ્રરત્ન એવોર્ડ-૨૦૧૬ મેળવવા બદલ અભિનંદન



**પ્રબોધ એચ. મુનવર**
કોઠારા-કચ્છ હાલે વર્ધમાનનગર

ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ
''રાષ્ટ્ર રત્ન એવોર્ડ-૨૦૧૬,
મેળવવા બદલ હાર્દિક અભિનંદન.

:: શુભેચ્છક ::

અ.સૌ. સુશીલાબેન લલીતભાઈ શાહ-જામનગર
અ.સૌ. શિલ્પાબેન ભદ્રીકભાઈ મૈશેરી- ગાંધીધામ
અ.સૌ. ચંદનબેન દિલીપભાઈ જૈન-માંડવી
અ.સૌ. ભારતીબેન અનીલ નાગડા-ગાંધીધામ
અ.સૌ. મનીષાબેન લહેરચંદ લાપસીયા-ગાંધીધામ

# તૃતિય પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલી



## સ્વ. અ.સૌ. રેખા હિંમતલાલ લાપસિયા

ગામ : દલતુંગી                    હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

જન્મ : તા.૨૪-૦૭-૧૯૬૭                    અરિહંત શરણ : તા.૨૫-૧૦-૨૦૧૩

---

સદા હસતી રહી તું, દુ:ખ દેખાડયું નહીં,
કદી ન ભૂલાશે, સદા આસપાસ રહેશે તું...
સહજ, સરળતાથી કહી દેતી તું,
ખોટ ના પૂરાશે કદી તારી,
મમતાની મૂર્તિ, સ્નેહની સરીતા તું...

---

## શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...

સાસુજી : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસિયા
જીવનસાથી : શા. હિમતલાલ લીલાધરભાઈ લાપસિયા
જેઠ-જેઠાણી : શા. રમેશ - સૌ.રમીલા, શા. સુભાષ - સૌ.સુમન, શા. વિજય - સૌ.હંસા
દીયર-દેરાણી : શા. પંકજ - સૌ.વિશાખા
પુત્રી : દિશા, નિધી
ભત્રીજા-ભત્રીજી : સૌ.મનિષા નિલેશ દંડ, સૌ.રિંકુ ભાવિન લોડાયા, સૌ.નમ્રતા નિકુંજ દંડ
પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય, પુજા, વામા
માતા-પિતા : અ.સૌ. સોનબાઈ શામજી શીયાલ - શા. શામજી પેથરાજ શીયાલ
ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના બીપીન શીયાલ - શા. બીપીન શામજી શીયાલ
બહેન-બનેવી : અ.સૌ. પ્રવીણા વિજય લોડાયા - શા. વિજય વિસનજી લોડાયા

બહારથી પણ કલા મેળવવાનો પ્રયત્ન થયેલ છે.

દેસરા પરમેશ્વરાનું બિરુદ મેળવનાર મહારાવ દેસળજીના સમયે વિકાસ થયો તો મહારાવ દેસળજી બીજા કલારસિક, કલા પારખુ અને સાહિત્યના આરાધક હતા. તેમજ શીઘ્ર કવિ પણ હતા. કચ્છના મહારાવ દેસળજી પહેલાના પુત્ર મહારાવ લખપતજીનું પ્રદાન મહત્વનું ગણાય છે. તેઓના અવસાન બાદ તેમના પાછળ બંધાયેલ છતરડી એ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. તેઓના દ્વારા જ વ્રજભાષાની પાઠશાળા સ્થાપવામાં આવેલ અને કચ્છમાં વ્રજભાષાની કવિ-પાઠશાલા ભારતમાં માત્ર કચ્છમાં જ સ્થાપાયેલ અને કાવ્યરસની છોળો ઉડતી, પિંગલશાસ્ત્ર શીખડાવવામાં આવતું. રસિક મહારાવ લખપતજીના સમયમાં સંગીત અને કલાનો સર્વાંગી વિકાસ થયો. સામન્ય ખારવામાંથી મહાન કારીગર બનનાર રામસંગ માલમ પણ મહારાવશ્રી લખપતજીના રાજ્યાશ્રયમાંજ પોતાના હુન્નરોને છૂટે હાથે અનેકોને શીખવ્યા. કલા કૌશલ્યના બીજ કચ્છમાં રોપનાર રામસંગ માલમ જ ગણાય.

બદલાતા સમયે રાજકીય અને આર્થિક પરિવર્તનોને જન્મ આપ્યો. જેથી ઢાલ બનાવવાની પ્રવૃત્તિ, કમાંગરી ચિત્ર શૈલી વગેરે પ્રવૃતિ નહીવત થઈ અથવા સંદતર બંધ થઈ. આમ છતાં સોનાચાંદીનું મીનાકામ, લોઢા, તાંબા, પિત્તળનું કામ, આભૂષણ નિર્માણ, સુતરાઉ-ઉની વસ્ત્રો, રેશમ ઉદ્યોગ અને સૂડી-ચપ્પુ બનાવવાના ઉદ્યોગો આજે પણ જીવંત છે. જો કે તેના રંગ, રૂપ બદલાઈ ગયા છે. દરેક ગામ કળા કૌશલની વિશિષ્ટ પ્રવૃત્તિ ધરાવે છે. કળા ક્ષેત્રે કચ્છનો પોતાનો આગવો મિજાજ છે. જેમાં સાદગી, તાજગી અને વિવિધતા છે.

ઘણા લાંબા સમય સુધી કચ્છ આધુનિકતાથી દૂર રહેલ છે. જેથી અહીંનું જનજીવન પ્રકૃતિનું સંગીત માણે છે. સમુદ્રનું નર્તન-લય, તાંડવ જુએ છે. કુદરતના રંગો કાપડ પર પ્રતિબિંબીત કરે છે. આમ વાદ્ય-કંઠ્ય સંગીત નોબત, ઢોલમંજીરા, તંબુરા અને પખાજ જેવા વાદ્યોથી પોતાના અભિવ્યક્તિ થાય છે. આમ, ધ્વનિપ્રેમ અને પ્રકૃતિની ધ્વનિ વચ્ચે સંવાદિત રચાય છે.

સંગીત ક્ષેત્રે શાસ્ત્રીય સંગીતની દૃષ્ટિએ કચ્છની સિધ્ધી પાંગળી છે. શાસ્ત્રીય ગાયકમાં સ્વ. વિશનજી મારૂ હતા તો સુગમસંગીતમાં શ્રી વેલજીભાઈ ગજ્જરનું નામ છે. મશહૂર ફિલ્મી સંગીત નિર્દેશક કલ્યાણજી-આણંદજી કચ્છી બંધુબેલડી છે. નાટ્ય ક્ષેત્રે પણ કચ્છીઓ હવે કચ્છીઓનં સારું પ્રદાન છે. પ્રાદેશિક ભાષા ગુજરાતીમાં જેસલતોરલ, લાખાફુલાણી અને હોથલ-પદમણી જેવી ફિલ્મો સુવિખ્યાત છે, જે કચ્છના ઐતિહાસિક પાત્રો પરથી બની છે.

**શિલ્પ અને સ્થાપત્ય :**

કચ્છના ભગ્નાવશેષો જોતાં-જોતાં તો ભૂતકાળની


tattvam
towards transformation

AN INITIATIVE TOWARDS KNOWING THE TRUTH & CHANGING OUR BELIEF

**PHASE 1**
**REACHING OUR POTENTIAL**

| No. | Topic | Date |
|---|---|---|
| 1. | KNOW THE END FROM THE BEGINNING | 6th Nov 2016 |
| 2. | MY DESIRES & MY DREAMS | 27th Nov 2016 |
| 3. | NEED OF PRIORATIZATION | 18th Dec 2016 |

**All topics will be covered in Gujrati...**

: Venue :
**The Mysore Auditorium**
Bhaudaji Road, Opp. Shree Narayanji Shamji Vadi, Matunga (C.R.), Mumbai-19.
**Time : 9.15 am - 11.45 am**



Under the holy guidance of
A Charismatic Speaker with inspiring spiritual knowledge
**TATTVOPDESHAK**
**SAHEB SHRI NIKHILBHAI**

**FOR REGISTRATION**
SMS/Whatsapp your Name, Age, Mobile Number to
**9029494969 / 9664316715**

*(Entry with Prior Registration only)*
Last Date For Registration is 4th Nov 2016

BINITA S. MARU - 9869034162

ભવ્યતા, સમૃધ્ધિ અને સ્વપ્નસૃષ્ટિમાં સરી પડાય છે. કચ્છના ગામડે-ગામડે પાળિયા, મંદિરો શ્રેષ્ઠિઓની હવેલીઓમાં થતા કાષ્ટ કોતરણીના કામ, કમાંગરી ચિત્રો અને પથ્થર પરના શિલ્પો કહે છે કે, ''ખંડર બતા રહે હૈ, ઈમારત કીતની બુલંદ થી'' પુરાતત્ત્વ કે પુરાવશેષોની વાતથી શરૂ કરીએ તો કચ્છ ઘણો જ પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતો કહેતા હડપ્પા સંસ્કૃતિના અવશેષો કચ્છમાંથી ધોળાવીરા ખાતેથી પ્રાપ્ત થયેલ છે. જ્યારે ક્ષત્રપો, મૈત્રકો અને ગુપ્તોના શિલાલેખો પણ સમયાંતરે કચ્છમાંથી પ્રાપ્ત થયેલ છે. પ્રાગૈતિહાસિક કાળના અવશેષો અંગે પણ સંશોધન થયેલ છે. કચ્છના સૂરકોટડામાંથી પણ માટીના વાસણો પ્રાપ્ત થયેલ છે. ગેડી, રવ, કંથકોટ ઉપરથી પણ બોલતા અવશેષોની વાણી સંભળાય છે. કોટેશ્વર લખપત અંધૌ વગેરેના શિલાલેખો તામ્રપત્રો અને ભુજ મ્યુઝિયમમાં સંગ્રહાયેલા શિલાલેખો જોવા મળે છે. ઈ.સ. ૧૮૭૭માં મહારાવ શ્રી ખેંગારજી ત્રીજા દ્વારા ભુજનું સંગ્રહાલય શરૂ થયેલ છે. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપમાં આ સંગ્રહાલયને પારાવાર નુકસાન થયેલ પરંતુ હાલ આ સંગ્રહાલય વધુ આધુનિક ઓપ સાથે રી-સ્ટોર કરી અને પ્રજાને અર્થે ખુલ્લું મૂકાયેલ છે. સંગ્રહાલયનું આંગણ પાળિયાઓ, ભગ્નમૂર્તિઓ, કલામય પથ્થરો, કાષ્ટકૃતિઓ, લોહસ્તંભોથી ભરેલું છે. ભગ્નાવશેષોમાં કલાની ઝલક જોવા મળે છે. આ ઝલકને નીતનવી રાખવી હોય તો સ્થળે-સ્થળેથી આવા અવશેષો વીણી અને સંગ્રહાલયમાં સુરક્ષિત રાખવા જોઈએ.

કચ્છમાં પુરાતત્વવિદ્દોને ખુશ કરી દેતા અવશેષો ઉપરાંત શિલ્પ અને સ્થાપત્યની દ્દષ્ટિએ સમૃધ્ધ, ભગ્નાવશેષો જોતા-જોતા પૂર્વજોને તેઓના કલાપ્રેમ માટે પ્રણામ કરવા પડે. કચ્છમાં કેરાકોટ, કોટાય, પુંઅરેશ્વર અને કંથકોટ જેવા ખંડિયરો ઉભા છે. તો ભુજમાં મહારાવશ્રીઓની છતરડીઓ સ્થાપત્યથી સમૃધ્ધ છે. લખપતમાં પીરઘૌસ મહમદના રોજા બેનમૂન સ્થાપત્ય ધરાવે છે. તેનો દરેક પથ્થર સફળતાપૂર્વક શિલ્પની સ્પર્ધા કરે છે. જ્યારે જૈનપંચતીર્થના દેરાસરો કે જૈનમંદિરોના શિલ્પનો આગવો વૈભવ છે.

અઢારમી સદીનો સમય કચ્છમાં બહુ મહત્ત્વપૂર્ણ છે. આ સમયે દરેક કળાના દ્વાર ખુલી રહ્યા હતા. કચ્છનું ભાવિ રામસિંહ માલમના હુન્નરોથી ઉન્નત થઈ રહ્યું હતું. રામસિંહ કાષ્ઠ અને હાથીદાંત પર કોતરકામ શીખ્યો હતો અને મીનાકામ, નકશીકામનો ઉસ્તાદ હતો. રામસિંહને ચિરસ્મરણીય બનાવે છે. ભુજનો ''આયના મહેલ'' તે પ્રવિણ સ્થપતિ હતો. માંડવીનો રાજમહેલ છતરડીઓમાં જે કલાત્મકતાના દર્શન થાય છે તેમાં મોગલ અને રાજપૂત શૈલીનો અદ્દભુત સમન્વય નજરે પડે છે.

રામસિંહ દ્વારા નકશીકામમાં ''કચ્છી ઘરાના''ની

જય ''શ્રીજી પીર'' બાપાય નમઃ

## ''શ્રીજી પીર'' બાપાની સમુહ પહેડી

ખોના કુળગોત્રનાં ''શ્રીજી પીર'' પીર બાપાના ખોના ફલિયા, નલિયા - કચ્છ સ્થાનકે નમતા **સૌ ખોના ભાઈયાતી** તથા **ખોના કુળગોત્રની નિયાણી બહેનો**ને જણાવવાનું ક

''શ્રીજી પીર'' બાપાની સમુહ પહેડી માગસર સુદ-બીજને તા. ૦૧-૧૨-૨૦૧૬ ગુરૂવારનાં સવારના શુભ મુહુર્તે સ્થાનકે ખોના ફલિયા, નલીયા મધ્યે રાખવામાં આવેલ છે.

**નમતા સૌ ભાવિકો તથા નિયાણી બહેનોએ પહેડી પ્રસાદનો લાભ લેવા વિનંતી.**



| | | |
|---|---|---|
| **લીતેશ હીરાચંદ ખોના** | ડોંબિવલી | **096194 93472** |
| **મધુબેન જેઠાલાલ ખોના** | ડોંબિવલી | **092248 99251** |
| **ફાલ્ગુન લખમશી ખોના** | ભાંડુપ | **098206 20499** |
| **ચીમનલાલ હીરજી ખોના** | માટુંગા | **098210 59255** |
| **ચેતન માણેકચંદ્ર ખોના** | ગોરેગાંવ | **093244 61894** |
| **લલીત કુંવરજી ખોના** | ડોંબિવલી | **099204 03950** |

(માતાજીના ભુવા)



પ્રતિષ્ઠા થઈ જે આજે પણ ''કચ્છ વર્ક''ના નામે ઓળખાય છે. જે સ્થાપત્યની સાક્ષી પૂરે છે.

દરેક ગામેગામ કંડારાયેલા પાળીયાઓ, જુની હવેલીઓ અને પ્રારંભિક પુરાતત્વીય કામગીરી બહુધા ધાર્મિક સ્થળોના સ્થાપત્યોની આસપાસ રહેલી છે. શિલ્પની દ્રષ્ટિ અજોડ ગણાય તેવા ધાર્મિક સ્થળોમાં ભદ્રેશ્વર, કોઠારા, કંથકોટ, કોટાય, કેરા, પુંઅરાગઢ જેવા સ્થળોનો સમાવેશ કરી શકાય. પ્રાચીન કાળથી કચ્છ એ શિલ્પ-સ્થાપત્યમાં અજોડ છે. તેમજ વખતોવખત આવતા ધરતીકંપો કે અન્ય કુદરતી આફતોએ આ શિલ્પને સમૃધ્ધ રહેવા દીધું નથી. પરિણામે આપણે વધુ પડતા સ્થાપત્યના નમૂના જોઈ અને સંતોષ લેવા ઘટે અને કચ્છની શિલ્પશ્રીનો વૈભવ માણવો ઘટે.

સત અને સિન્દુરના પાણી જેની ઓળખ છે. સાહસિકતા, ખમીર અને ખુમારી જેના લોહીમાં છે અને રૂંવાડે વતન પ્રેમ છે. અહીં લોકોનો પહેરવશ જુદો છે. ભાષા જુદી, પાઘડીનો વળ જુદો અને શૌર્ય, ત્યાગ ટેક અને આત્મ બલિદાનથી ઓપતી અનોખી પ્રજા એટલે કચ્છી લોકો ધાર્મિક અને સ્વાભિમાની ભાવનાની બળવત્તર પ્રજા એટલે કચ્છીઓ.

કચ્છનું રાજકુળ સિંધમાંથી ઉતરી આવેલ છે. જ્યારે કચ્છના જાગીરદારો અને ગરાસિયાઓ ગુજરાતમાંથી આવેલા છે. કચ્છની પ્રજા તો પશુપાલક એવા આહીર, રબારીઓ, ચારણ, સમા, કણબી મેઘવાળ અને ભણસાલીઓનો સમુદાય છે. પરંતુ અહીં દરેકની ઓળખતો કચ્છી જ છે. જુદી જુદી દિશાઓમાંથી આવેલી પ્રજાઓ કચ્છમાં આવી એકતા સાધી છે. સામાન્ય રીતે પૂછાતો સવાલ કે તમે કેવા? તો તેનો પ્રત્યુત્તર એકજ કચ્છી અહીં નાતજાતના વાડા લાંઘીને વતનપ્રેમ મજબૂત છે. જગતમાં ઈઝરાયેલ પછી કચ્છીઓનો વતનપ્રેમ જગ પ્રસિધ્ધ છે. પોતાના કર, કુળદેવતાના નૈવદ્ય, જાર, જાતર કરવા માટે કે માનતા અને અન્ય ધાર્મિક બાધા-આખડીને છોડવા માટે કચ્છી માદરેવતન આવે આવે ને આવે જ. આમ કચ્છના લોકોની આગવી અસલિયત અને ખાસિયતો છે. વટ, વફાદારી અને ટેક માટે જાન ફના કરનારાઓથી કચ્છનો ઈતિહાસ સમૃધ્ધ છે. વતનપરસ્તો સૌથી મોટો ગુણ છે તો સખાવતો માટે કચ્છીઓ જગમશહૂર છે.

કૂવા, વાવ, તળાવ, ધર્મશાળા કે ગૌશાળા, નિશાળ, શૈક્ષણિક સંસ્થાઓ અને દવાખાનાઓ અને સાર્વજનિક હિતાર્થે મોટા મોટા દાનો આપનાર લોકો છે. પરદેશથી પણ પોતાના ગામના હિત માટે કાર્યો કરે. ગામના લોકોને ટેકો કરે તેમજ સક્રિય મંડળો સ્થાપી સેવાઓ કરે જેથી કચ્છ જિલ્લો પછાત વિસ્તાર ગણાતો હોવા છતાં દરેક ગામ સાધન સુવિધા યુક્ત રીતે જીવતું હોય તો તે માટે બહાર વસતા કચ્છી લોકોના માદરેવતન પ્રત્યેનો ઋણ સ્વીકાર છે. કચ્છના લોકો ગમે ત્યાં વસે તેઓને પોતાના ગામમાં તો ઘર જોઈએ જ. આમ કચ્છી લોકોવટ, ખુમારી, ઠાઠથી જીવનારા અને વતન પરસ્થ છે તવું કહી શકાય.

વર્ષ ૨૦૦૧ના ભયંકર ભૂકંપ પછી એક દાયકાથી પહેલા કચ્છ પુનઃ ધબકતું થયું હોય તો તેનો વધુ પડતો યશ ખુદ પ્રજાને જ જાય છે.

જેમ કચ્છી પ્રજા સ્વામિમાની છે તેમ કચ્છ એ ધાર્મિક સહિષ્ણુતાની ભૂમિ છે. અહીં ભાઈચારો, નિષ્ઠા, માનવતા વગેરે લોહીના સંસ્કાર છે. કચ્છે હૃદયની માનવતા વિચારોની ઉદારતાને માન આપ્યું છે. આવી વ્યક્તિઓને પીર કે ઓલિયા કહીને પૂજી છે અને તેમની યાદમાં કે સન્માનમાં ભરાય છે મેળા. જેમાં દરેક કોમના લોકો સામેલ થઈ બાધા-આખડી પૂરી કરી પોતાનો અહોભાવ હર્ષોલ્લાસ સાથ વ્યક્ત કરી મેળો માણે છે.

ભુજમાં નાગપંચમીનો મેળો ભુજિયા ડુંગરની તળેટીમાં ભુજંગનાગની યાદમાં ભરાય છે. નાગપંચમીની અસ્વારી વિશ્વપ્રસિધ્ધ છે. મહાશિવરાત્રિના ભરાતો ધ્રંગનો દાદા મેકરણનો મેળો અને ચૈત્ર મહિને હાજીપીરવલ્લીનો મેળો, નવરાત્રીમાં કચ્છદેશદેવી આશાપુરાનો માતાના મઢ ખાતે ભરાતો મેળો, સાતમ-આઠમ અને શ્રાવણિયા મેળા તો ગામેગામ થાય. ધ્રુબડીનો મેળો, માંડવીનો રવાડી અને વર્ષભર જુદા જુદા મેળા જુદા જુદા સમયે ચાલે છે. ભુજમાં તો હમીસર તળાવનું છલકાઈ જવું એ પણ એક લોકોત્સવ સામજ ની સવાર સુંદર અને સાંજ રંગીન, સારો વરસાદ થાય તો પણ મેઘરાજાના વધામણા માટે 'મેઘલાડુ'નો જલસો. આમ


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



।। શ્રી સચ્ચાઈ માતાય નમઃ ।। ।। શ્રી મોમાઈ માતાય નમઃ ।।
**આદ્યશક્તિ ટ્રેવલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ટાટા ઈંડીગો/સ્વીફ્ટ ડીઝાઈર/શૅરોલેટ તવેરા
સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

પ્રકૃતિદત્ત આનંદ, મેળાની મોજ અને રાસની રંગત એ લોકોત્સવનો પરંપરાગત અને સ્વયંભૂ પાસું છે.

પ્રવાસીની દૃષ્ટિએ જોવા જઈએ તો કચ્છ વિશ્વના નકશામાં વિધિવત્ પ્રવાસન પ્રવૃત્તિ ધરાવતુ નથી. આમ છતાં કચ્છની અદ્‌ભુત રણસૃષ્ટિ ઐતિહાસિક અને પુરાતત્વ સમૃધ્ધિ, સહેલાણીઓને આકર્ષે છે. વણબોટયા સાગર કિનારા, આરામ અને શાંતિ, કુદરતી સ્થિતિ, ધાર્મિક સ્થળોના કારણે કચ્છ પ્રવાસીઓથી ધબકતું રહે છે. મહેલો, રાજાશાહીના શિલ્પ સ્થાપત્યો ધોળાવીરાની હડપ્પીયન સંસ્કૃતિ ખાસ આકર્ષણ છે. ઘણા લોકો તો માત્ર કચ્છના આભૂષણો અને વસ્ત્રો, કાપડ વગેરે માટે જ લટાર મારી જાય છે.

ધાર્મિક સ્થળોમાં નારાયણ સરોવર - કોટેશ્વર યાત્રા, હાજીપીરની સલામી, કાળા ડુંગર, પચ્છમાઈપીર, સંતમેકરણ અને દેશદેવી આશાપુરાની આસ્થા અહીં પ્રવાસીઓને ખેંચી લાવે છે. કુદરતી રણ, પહાડો અને ખુશનુમા હવામાન આરોગ્યપ્રદ હોવાથી શાંતિના ચાહકો પણ આવે છે. કચ્છના સુરખાબ પક્ષીઓની વસાહતો અને કુદરતનો અદભૂત કરિશ્મા કચ્છનું રણ કે જે વિશ્વના અજાયબ શોમાંથી તે એક હોઈ તેનું અનેરું મહત્ત્વ છે. આમ કચ્છ પાસે પ્રવાસન માટે જરૂરી કુદરતી સમૃધ્ધિ છે. પરંતુ પ્રવાસનની રીતે તેનો સમયબધ્ધ વિકાસ થાય તે જરૂરી છે.

છેલ્લા થોડા વર્ષોથી કચ્છને પ્રવાસનના નકશામાં લાવવા માટે ગુજરાત પ્રવાસ નિગમ તરફથી રણોત્સવનું આયોજન થાય છે. આ રણોત્સવ જયારે માનનીય શ્રી ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ થયેલ છે. પરંતુ એને નવા રૂપ, રંગ, ઢંગથી પ્રસ્તુત કરી સાથો સાથ કચ્છી 'કાર્નિવલ' અને 'રણોત્સવ'નું આયોજન કરવા માટે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કટીબધ્ધ હોય તેવું જણાય છે. તેઓશ્રી જાતે રણની ચાંદની માણે છે અને સમગ્ર જગતમાં કચ્છના ક્રિસ્ટલ રણના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન મળે છે જેથી કચ્છની પ્રવાસન પ્રવૃત્તિ વેગીલી બની શકે છે.

**- કચ્છ રચનાના દિપોત્સવી અંક ૨૦૧૬માંથી સંકલિત**

**સંસ્થા સમાચાર શકય એટલા ટૂંકા મોકલવા :**

**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

# બાંડીયા ગામ જ્ઞાતિજનો

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડીયાની જનરલ મિટીંગ તા. ૨૭/૧૧/૨૦૧૬

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડીયાના ટ્રસ્ટીઓની મુદત પુરી થતા નવા ટ્રસ્ટીઓની નિમણુંકને મહાજન તથા દેરાસરને લગતી જ બાબતોની ચર્ચા કરવા બાંડીયા ગામ જ્ઞાતિજનોની એક જનરલ મિટીંગ રાખેલ છે. બાંડીયાના બધા જ્ઞાતિજનોને જરૂર થી હાજર રહેવા વિનંતી.

ટ્રસ્ટી પદ માટે ઈચ્છા ધરાવનારે પોતાનો પત્ર તા. ૨૦/૧૧/૨૦૧૬ સુધી નિચે લખેલ એડ્રેસ પર મોકલવો જેને ૨૭/૧૧/૨૦૧૬ ની જનરલ મિટીંગમાં રાખવામાં આવશે.

**સંજય ખીમજી લોડાયા**

૧૪, સુયોગ અપાર્ટમેન્ટ, ૪મા માળા, એસ.એન. રોડ, તાંબે નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૮૦.

**જનરલ મિટીંગ :** ૨૭/૧૧/૨૦૧૬ના રવિવાર સાંજે ૪ થી ૭ કલાકે

સ્થળ : **શ્રી આદિ અનંત આરાધના ભવન**

અનંત સિધ્ધી, એલ.બી.એસ. માર્ગ, જૈન મંદિર કમ્પાઉન્ડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડીયાના ટ્રસ્ટીશ્રીઓ**

**શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલકા** **શ્રી કિરીટ દામજી લોડાયા**

**શ્રી ટોકરશી જીવરાજ લોડાયા** **શ્રી સંજય ખીમજી લોડાયા**

**શ્રી મહેશ રતનશી મોમાયા**

# આયર્લેન્ડનું ડુંગરા - તળાવ - સમુદ્રવાળું ગ્રામ્ય સૌંદર્ય માણવા રિંગ ઑફ કેરી જવું રહ્યું

રિંગ ઑફ કેરી આયર્લેન્ડની નૈઋત્ય દિશામાં છે અને કેરી પ્રાન્તમાં હોવાને લીધે એને આ નામ મળ્યું છે. કેટલાંક ગામોને સાંકળતો આ રસ્તો પર્વતોની વચ્ચેથી અને સમુદ્ર તટ પરથી પસાર થાય છે અને સુંદર કુદરતી દૃશ્યોને કારણે પ્રેક્ષણીય છે. આ રિંગ ઈવરા નામના દ્વિપકલ્પનો ૧૭૯ કિલોમીટર વિસ્તાર આવરી લે છે.

અમે ડબ્લિનથી પ્લેનમાં કિલાર્ની ગયા તે નાનું એરપોર્ટ ધરાવતું નાનું ગામ છે. અમારી રિંગ ઑફ કેરીની સફર કિલાર્નીથી શરૂ થઈ. કિલાર્નીથી માંડીને ચક્રાકારે કિલાર્ની પાછાં ફરતાં ૧૭૯ કિલોમીટર કાપવાના હતા.

આયર્લેન્ડમાં વધારાની કમાણી માટે પોતાના ઘરમાં જ એક કે બે ઓરડામાં પર્યટકોને ઉતારો આપવાની પ્રથા છે. મહેમાનોની સરભરાનું કામ મોટા ભાગે ઘરની ગૃહિણીઓ કરે છે અને સવારના બ્રેકફાસ્ટ પણ આપે છે. અમારા રૂમની ચોખ્ખાઈ આંખે ઊડીને વળગે એવી હતી અને પલંગ તથા પલંગ પરની ચાદરથી માંડીને રૂમની બધી ચીજ-વસ્તુઓ શ્વેત-શ્યામ રંગની હતી. અમને ચા-કૉફી પીવા આપ્યાં એની ક્રોકરી પણ શ્વેત-શ્યામ હતી.



Ross Castle Killarney - Ring of Kerry

પ્રથમ રૉસ કાસલ જોવા ગયાં. તળાવ અને પર્વતો મળીને કિલ્લા માટે અતિ સુંદર પશ્ચાદભૂ રચતાં હતાં. આયર્લેન્ડમાં આવેલા ચારેક હજાર જેટલા કિલ્લાઓ આયર્લેન્ડના ઈતિહાસનો એક ભાગ છે. આવા કિલ્લાઓમાં ઉમરાવો સલામતી માટે પોતાના કુટુંબ અને નોકર-ચાકરના કાફલા સાથે વસતા. આ પ્રકારના કિલ્લાને અમે અંદરથી આ પહેલાં જોયો નહોતો તેથી અમે ટૂર લીધી. અંદર ચડવા માટે સાંકડાં પગથિયાં હતાં તેથી જરા સંભાળીને ઉપર જવું પડે તેમ હતું. સામાન્ય કિલ્લાઓ કરતાં આ કાસલ જુદા પડે છે. આમાં સૌથી ઉપરનો માળ સૌથી સલામત ગણાતો, ત્યાં પાર્ટીઓ થાય અને મહેમાનોનું મનોરંજન કરાય. બીજા માળ પર ઉમરાવ, એનું કુટુંબ અને નોકરો સૂએ. એનાથી નીચેનો માળ આજના ડ્રોઈંગરૂમ સાથે સરખાવી શકાય. ભોંયતળિયે પ્રવેશદ્વાર અને એની બાજુમાં ચોકીદારનો ઓરડો હોય.

રૉસ કાસલ જે નેશનલ પાર્કમાં આવેલો છે તે કિલાર્ની નેશનલ પાર્ક આયર્લેન્ડનો પ્રથમ નેશનલ પાર્ક હતો. ૧૦૨ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો આ પાર્ક કિલાર્નીનું મુખ્ય આકર્ષણ બની રહે છે. અહીં કુદરતી સૌંદર્ય ખોબલે ખોબલે વેરાયેલું છે અને ઘરની બહાર ખુલ્લામાં કરવાની પ્રવૃત્તિઓ માટે આ ઉપયુક્ત સ્થાન છે. આ પાર્કમાં સૌથી વધુ વર્ષ જૂનાં તોતિંગ વૃક્ષો છે, પશુ-પંખીઓ છે, તળાવો છે.

ઈ.સ. ૮૪૩માં બંધાયેલું મકરોસ હાઉસ પણ નેશનલ પાર્કમાં જ આવ્યું છે. એને અંદરથી જોવા માટે ગાઈડ સાથેની ટૂર લેવાની હતી. ઘરનું ઘણું ફર્નિશિંગ હજુ અસલ સ્વરૂપે સચવાયું છે. ઘરના બેઝમેન્ટમાં રસોડું અને વધારાનો સામાન જાળવવા માટે ભંડાકિયું છે. મકરોસ હાઉસને અંદરથી જોતાં આયર્લેન્ડના ઉમરાવોના ઓગણીસમી અને વીસમી સદીમાંના જીવન વિશે અમને ઘણો ખ્યાલ આવ્યો. આજે અહીં એક રૅસ્ટોરન્ટ અને દુકાન પણ છે. મકરોસ હાઉસ સાથે બોનસરૂપે એનો રમણીય બાગ માણવા મળે છે. સારી આબોહવામાં બાગમાં ચાલવામાં કે ઘરની આસપાસની ભૂમિ પર ફરવામાં લહેર પડે એવું છે. નેશનલ પાર્કમાં જ ટોર્ક ધોધ છે. શાંત અને સુંદર જંગલમાં આવેલા આ જળપ્રપાત પાસે ધસમસતો વિપુલ પ્રવાહ નથી, પરંતુ ત્યાં થોડો સમય વિતાવવાનું ગમે એવું છે. અહીં ચાલવા માટે અઘરી અને સરળ એવી અનેક કેડીઓ છે.

ગૅપ ઑફ ડનલો બે પર્વતો વચ્ચેથી જતો સાંકડો માર્ગ છે જે હાઈકિંગ અને સાઈકલિંગ માટેનું મજાનું સ્થાન છે. ત્રણેક કલાકના અમારા હાઈકિંગમાં અમને એટલો આનંદ આવ્યો કે અનુભવ યાદગાર બની ગયો. સ્તબ્ધ થઈને જોતા રહીએ એવા કુદરતી સૌંદર્યના ચમકારા જોવા મળ્યા, ખાસ કરીને સૂર્યપ્રકાશમાં ઝગમગ થતાં તળાવનાં પાણી ! આ માર્ગ પર પાંચ તો તળાવ છે ! માર્ગ પર અમને ઘેટાંઓ અને ઘોડા મળ્યા, બાળ ઘેટાં તો જોતાવેંત ઊંચકી લેવાનું દિલ થાય એવાં રૂપાળાં લાગતાં હતાં.

આયર્લેન્ડની સફર દરમિયાન અમે બસમાં કિલાર્નીથી રિંગ ઑફ કેરીના આગળના મુકામ કહરડનલ (Caherdaniel) તરફ ધપી રહ્યાં હતાં. હરિયાળા ડુંગરોની આગળ હરિયાળાં મેદાનોમાં સફેદ ઘેટાં ચરતાં હોય એવાં સુંદર દૃશ્યો આંખ સામેથી પસાર થઈ રહ્યાં હતાં અને એમાં જ્યારે પાણી દેખાય ત્યારે સુંદરતામાં ઓર વૃદ્ધિ થાય. રસ્તામાં આવતાં નાનાં નાનાં ગામો પણ આંખોને ગમી જતાં હતાં.

ઍટલાન્ટિક મહાસાગરના એક ઉપસાગરના કિનારે આવેલું વૉટરવિલ ગામ નાનકડું છે, પરંતુ એના સૌંદર્યમાં એવું સામર્થ્ય છે કે ચાર્લી ચેપ્લિન ખેંચાઈને આવતા. ચાર્લી ચેપ્લિન અને એના કુટુંબનું રજાઓ ગાળવા માટેનું આ માનીતું સ્થાન હતું. એ ચાર્લી ચેપ્લિનની યાદમાં તેનું પૂતળું એક પાર્કમાં મૂકવામાં આવ્યું છે અહીં ચાર્લી ચેપ્લિનની ફિલ્મોના ઉત્સવનું આયોજન પણ કરવામાં આવે છે. ચાર્લી ચેપ્લિનને બહુ સુંદર જગ્યાએ ઊભા કર્યા છે, એની પાછળ દેખાતો ઉપસાગર

પૂતળાને ઉઠાવ આપે છે.

હાથમાં ફૂટબૉલ સાથેનું બીજું પૂતળૂં અમારા જોવામાં આવ્યું જે આ ગામના રહેવાસી અને ફૂટબૉલના ખેલાડી મિક ઓંડવાયરનું હતું. પૂતળાંઓની પાછળ સાવ નજીકમાં આવેલા દરિયાકિનારે અમે લટાર મારી. ચાલવા માટે આ સારો બિચ છે અને વૉટરવિલ પાસે તરવા માટે બીજા બિચ પણ છે.

વૉટરવિલથી ટેક્સીમાં કહરડનલ જતાં પંદર મિનિટ જ લાગી. અમારો બેડ ઍન્ડ બ્રેકફાસ્ટનો ઉતારો ખાડીના કિનારે આવેલા એક મકાનમાં હતો. અમને પહેલે માળે આપવામાં આવેલા રૂમની બારીમાંથી મોજાં વગરના દરિયામાં તરતી હોડીઓનું દૃશ્ય હૃદયને પુલકિત કરી દે તેવું હતું.

કહરડનલથી બે-ત્રણ કિલોમીટરના અંતરે આવેલો ડેરીનેન બીચ સ્વચ્છ અને નયનરમ્ય છે. દુનિયાના સૌથી સ્વચ્છ અને સુંદર સમુદ્ર કિનારાઓમાં એની ગણના થાય છે. બીચ પર પ્રાકૃતિક ખડકો પથરાયેલા છે, આજુબાજુ પર્વતો છે, લીલાશ પડતા નીલ વર્ણના પાણીવાળો સાગર છે, સફેદ, સુંવાળી રેતીથી મઢેલો લાંબો કિનારો છે અને ત્યાંથી નજીકમાં જ દેખાતો સાધુ-સાધ્વીઓનો મઠ જાણે આ અફાટ સૌંદર્યને એક માત્ર ભોક્તા હાય એવા ગર્વથી ઊભો છે.



ડેરીનેન બીચથી અમે ત્યાં જ આવેલું ડેરીનેન હાઉસ જોવા ગયાં જે જેના નામ પરથી કહરડનલ ગામનું નામ રાખવામાં આવ્યું છે તે આયર્લેન્ડના મુત્સદી રાજનીતિજ્ઞ ડેનિયલ ઓંકોનેલનું નિવાસસ્થાન હતું. હવે ત્યાં મ્યુઝિયમ છે.

મ્યુઝિયમની આસપાસ આવેલો ડેરીનને નેશનલ હિસ્ટોરિક પાર્ક ૧૨૦ હેક્ટરમાં પથરાયેલો છે. અને એમાં બગીચાઓ અને વન છે. વનમાંના પરીઓના માર્ગ બાળકોને આનંદિત કરી મૂકે તેવા છે. જંગલમાં આવેલા પરીઓના માર્ગો પર લપાયેલાં પરીઓનાં ઘર છે, આ માર્ગો અને ઘરો બાળકોએ શોધવાનાં હોય છે જે તેમને અપૂર્વ ઉત્સાહ અને આનંદ બક્ષે છે. બાળકો અને તેમનાં માતા-પિતાની ઘરો માટેની શોધ જોવાની મજા પડી. ખૂણેખાંચરે, વૃક્ષોમાં છુપાયેલું એકાદ ઘર દેખાય ત્યારે આખું કુટુંબ ઉત્તેજિત થઈ ઉઠતું અને બાળકોની કિલકારીઓ સંભળાતી. બાળકો પરીઓ જમવાનું ખરીદી શકે તે માટે એ ઘરોમાં થોડું પરચૂરણ મૂકી દેતાં હતાં. ડેરીનેન હાઊસ ઉનાળા સિવાય રોજ ખુલ્લું નથી હોતું જ્યારે નેશનલ પાર્ક બારે મહિના મુલાકાતીઓને આવકારે છે.

સ્કેલિગ માઈકલ ખરેખર તો દરિયામાં આવેલો એક ખડક છે (એક પ્રકારના ખડકને સ્કેલિગ કહેવામાં આવે છે) અને એની પર એક મઠ આવેલો છે. ત્યાં જવા માટે અમે વેલેન્શિયા નામના ટાપુ પરથી બોટમાં બેઠાં. સ્કેલિગ માઈકલ સુધી પહોંચતા દોઢ કલાક લાગ્યો એ દરમિયાન ડૉલ્ફિનનું નાનું ટોળું કૂદકા મારતું અમારી નજીકથી સરી ગયું. બોટ હંકારનારે કહ્યું કદાચ સિલ કે વહેલ પણ જોવા મળશે, પરંતુ અમે એટલાં બધાં નસીબદાર નહોતાં. અમારી બોટ બીજા એક નાના સ્કેલિગ ટાપુ પાસેથી પસાર થઈ જે અમને દૂરથી સફેદ રંગનો જણાતો હતો. નજીક ગયાં ત્યારે માલૂમ પડ્યું કે જે સફેદ ટપકાં દેખાતા હતાં તે તો હજારોની સંખ્યામાં ત્યાં વસતાં સોલન હંસ (અંગ્રેજીમાં ગૅનેટ) પક્ષીઓ હતાં !

સ્કેલિગ માઈકલ ખડક દરિયાના પાણીની બહાર ૭૦૦ મીટરની ઊંચાઈ ધરાવે છે. હાલમાં ત્યાં એક ચર્ચ અને દીવાદાંડી છે. આ ટાપુ પર ચડવાનું અઘરું છે, પથ્થરનાં ૩૫૦ પગથિયાં ચડીને ટોચ પર પહોંચાય છે. જેમતેમ ચડી ગયાં એટલે હાશ થઈ, પણ ઊતરવાનું તો એથી યે અઘરું હતું! સ્ટારવૉર્સની છેલ્લી ફિલ્મના આખરના ભાગનું શૂટિંગ અહીં થયું તેથી હવે આ ટાપુના મુલાકાતીઓ વધવા લાગ્યા છે.

• આયર્લેન્ડના પાટનગર ડબ્લિનથી કિલાર્ની માટે રોજની દસ ટ્રેનો રવાના થાય છે. પહોંચતા સાડાત્રણ કલાક થાય છે. બસમાં સાડાચાર કલાક લાગે છે અને વિમાનનો પર્યાય પણ ઉપલબ્ધ છે. • કિલાર્નીમાં સાઈટ-સિઈંગ માટે હૉપ ઑન-હૉપ ઑફ બસો છે, પરંતુ સાહસિકો માટે સાઈકલ ઉત્તમ અને સોંઘો વિકલ્પ છે. • હોટેલ કરતાં બેડ ઍન્ડ બ્રેકફાસ્ટમાં ઉતરવાથી સ્થાનિક સંપર્ક મળે છે. • શાકાહારી ભોજન મેળવવામાં વાંધો આવતો નથી. આયર્લેન્ડના લોકો સોડાવાળી બ્રૅડ ખાય છે તે ખાવાના શોખીનોએ ચાખવા જેવી છે.

– **ચંદ્રિકા લોડાયા,** જન્મભૂમિમાંથી સાભાર


આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**

મો.: 093247 96076 / 093211 31232

સંપર્ક : મહાવીર સ્પોર્ટસ, એમ.જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# મારી મા

- શ્રીમતી કાજલ ઓઝા/વૈદ્ય

એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે,

***નાસ્તિ માતૃસમા છાયા, નાસ્તિ માતૃસમા ગતિ ।***
***નાસ્તિ માતૃસમા ત્રાણં, નાસ્તિ માતૃસમા પ્રિયા ।।***

મા એક સંતાન માટે કેટલું બધું હોય છે! એને વઢતી-ખખડાવતી, એને ગમતું કામ કરતાં રોકતી, એ વિલનથી શરૂ કરીને એની તકલીફમાં, એની પીડામાં એને માથે હાથ ફેરવતી એક અદ્ભુત લાગણી સુધી.

કોઈ પણ ઉંમરનો માણસ શારીરિક પીડામાં કે માનસિક પીડામાં અત્યંત સ્વાભાવિક રીતે બૂમ પાડે છે, 'ઓહ મા....'

મા એ કોઈ પણ માણસ માટે એક એવું તત્ત્વ છે જે એના અસ્તિત્વનું કારણ છે, પણ ખૂબ શાંતિથી વિચારીએ તો આપણે એ માના અસ્તિત્વને કેટલી હદે સ્વીકારીએ છીએ ? એને શું ગમે છે, શું જોઈએ છે... એ વિશે આપણને કેટલી ખબર છે ?

ચિડાતી, અકળાતી, બૂમો પાડતી.... ક્યારેક કંટાળીને રડતી.... અને ઘર આખાનો ગુસ્સો સંતાન પર ઉતારી દેતી વખતે એને કેટલી તકલીફ, કેટલી પીડા કે કેટલો કંટાળો હશે એ વિશે એક સંતાન તરીકે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ.

'તું ક્યાં જવાની છે ?' બહાર જતી માને આપણે કેટલી સ્વાભાવિક રીતે પૂછીએ છીએ, એ સતત ઘરમાં રહે એવી અપેક્ષા હોય છે. એમાં આપણો સ્નેહ નથી, આપણો સ્વાર્થ છે - એ ઘરમાં હોય તો આપણી સગવડ સચવાય એવો સ્વાર્થ! આપણે બહાર જતા રહીએ એ પછી એની એકલતા, એના કંટાળા કે એને પડેલી મુશ્કેલીઓ વિશે વિચારવાનો આપણને સમય પણ મળતો નથી.

આખા દિવસના કામ પછી ઘરે પાછા ફરીએ ત્યારે એને કંઈ કહેવું હોય એ સાંભળવાનો આપણને 'કંટાળો' આવે છે. મા ક્યારેય કંટાળતી નથી. જરૂર હોય છે એને પણ એક નાનકડા બ્રેકની. રોજ સવારે ઊઠીને ટુવાલ બાથરૂમમાં લટકાવવાથી શરૂ કરીને તમે પાછા આવો ત્યારે ગરમ ગરમ ભોજન તૈયાર રાખતી મા પણ ઈચ્છે છે એક નાનકડો બ્રેક!


(તસ્વીર - પ્રતિકાત્મક)

તમે વિચારો.... તમારી પાસે મિત્રો છે, સ્કૂલ છે અથવા ઑફિસ છે.... તમારી પાસે તમારી એક સાવ જુદી જિંદગી છે, જે ઘરની બહાર સાવ જુદી રીતે જીવી શકાય છે, તમે મન ફાવે ત્યારે મન ફાવે તે માગો છો અને મોટે ભાગે મા એ આપી જ દે છે!

જો એ કામ કરતી હોય તો એની પાસે ઑફિસ છે, પણ એ ઑફિસ ક્યારે પૂરી થશે એની ચિંતામાં એનો દિવસ નીકળી જાય છે. એને માટે એની ઑફિસ પૈસા કમાવાની જગ્યાથી વધારે કંઈ જ નથી અને એ પૈસા પણ એ તમારા માટે, તમારા ઘર માટે, તમારાં નાનાં નાનાં સુખો માટે ખર્ચી નાખતાં અચકાતી નથી.

પરંતુ, તમે ક્યારેય એને પૂછ્યું છે કે એને શું જોઈએ છે ? આ રૂટિનમાંથી બહાર નીકળીને એને કદાચ વરસતો વરસાદ જોવો હોય... સાવ કૉલેજમાં હતી ત્યારે વાંચેલી એક ચોપડી બારી પાસે બેસીને એને ફરી વાંચવી હોય... સ્કૂલની એક બહેનપણી સાથે આખી બપોર બેસીને ગાંડા જેવી વાતો કરવી હોય,

*અહો! આછા આછા મખમલ સમા મંદ સમીરે,*
*નિરાંતે હું બેઠો તવ સ્મરણની રમ્ય કુટિરે.*

ખડખડાટ હસવું હોય... અને કોઈને કહેવું હોય કે 'એક કપ ચા બનાવી આપો.'

ક્યારેય એને સાવ કશું જ ના કરવું હોય.

અથવા બિલકુલ તમારી જેમ રવિવારે મોડા ઊઠવું હોય, હાથમાં રિમોટ લઈને ટેલિવિઝનની ચૅનલ્સ બદલવી હોય અથવા સવારના પહોરમાં એકલા ચાલવા નીકળી જવું હોય.... ક્યારેક એને નાહ્યા-ધોયા વિના પડ્યા પડ્યા છાપું જ વાંચ્યા કરવું હોય. (જેમ તમારા પપ્પા અથવા તમે પોતે રવિવારે કરો છો તેમ....)

સોમથી શનિ કામ કરતી મા રવિવારે વધારે બિઝી થઈ જાય છે. આવું કેમ થાય છે?

એ બહાર તો જાય છે.... તમે દલીલ કરશો....

પણ એ બહાર ક્યાં જાય છે? તમારી સાથે ડિનર પર? છોકરાંઓ સાથે કે તમારી સાથે ફિલ્મ જોવા? કોઈ સગાંના મરણપ્રસંગે સફેદ સાડી પહેરીને જતી મા કે કોઈના લગ્નપ્રસંગે ઠઠારો કરીને જતી મા કદાચ ફરજના ભાગરૂપે આ બધું કરે છે.

ખરેખર એને આ કરવું છે કે નહીં એવું એને ઘરમાં કોઈ નથી પૂછતું.

તમે ક્યારેય તમારી પત્નીને કે તમારી માને એવું કહ્યું છએ કે, 'આજે તારો રવિવાર છે - બોલ, તારે શું ખાવું છે? બોલ, તારે કોને મળવું છે? બોલ, આજે તારી શું ઈચ્છા છે?'

તમે જાણો છો કે વારંવાર ચિડાતી-ગુસ્સો કરતી, અકળાતી મા કે પત્ની ક્યારેક આવી નહોતી? દિવસો, વરસો, મહિનાઓ સુધઈ રૂટિનમાં જીવી જીવીને કદાચ એની આ હાલત થઈ છે. જે પત્ની કે જે મા તમને અત્યારે કંટાળાજનક, સલાહો આપતી કે બડબડ કરતી લાગે છે એ જ ક્યારેક ખૂબ ખુશમિજાજ હતી!

સુખી લગ્નજીવન માટે લગ્ન કરતાં પહેલાં દરેક થનારા પતિએ એક આખું અઠવાડિયું સવારે દૂધ લેવાથી શરૂ કરીને, સાંજે બૉટલ ભરીને ફ્રીઝમાં મૂકવા સુધી એ બધું જ કામ કરવું જોઈએ, જે એની આવનારી પત્ની કરવાની છે. કપડાં સૂકવીને ગડી કરવાનાં, ઝાપટ મારવાની, શાક લેવાનું સમારવાનું, સવાર-સાંજનાં મેનૂ બનાવવાનાં અને એમાં ઘરના બધાનો ખ્યાલ રાખવાનો. પતિ-છોકરાંઓના જવા-આવવાનો ખ્યાલ રાખીને બાકીનો દિવસ ગોઠવવાનો. કામવાળા કે બાઈની હાજરી-ગેરહાજરી વિશે અનિશ્ચિતતા સાથે રોજ સવારથી સાંજ એક જ રૂટિન, એક જ પ્રકારની રિપિટેટિવ સાઈકલમાં દિવસ ઉગાડી અને આથમાવી દેવાનો....

એ પછી જ લગ્ન કરવાનું લાઈસન્સ મળવું જોઈએ.

જે મા ક્યારેય તમને કશાની ના નથી પાડતી એ માને ક્યારેય પૂછી જોજો...

એને શું જોઈએ છે?

એને કદાચ આ રોજિંદી, છેલ્લાં પાંચ-દસ-પંદર કે પચીસ કે પિસ્તાળીસ વર્ષથી ચાલતી ઘરેડમાંથી નાનકડી મુક્તિ જોઈએ છે. એ મુક્તિ, એ બ્રેક એને ફરી પાછી તાજી થઈને જીવવા માટે પ્રેરી શકશે. એની ચીડ, એનો કંટાળો, એની અકળામણ, બધું જ એ બ્રેકમાં ઓગળી જશે.

એ બ્રેક ઘરમાં પણ હોઈ શકે, ઘરની બહાર પણ હોઈ શકે.

ઘરમાં તમે એને એનો એક રવિવાર આપી શકો, એ રવિવાર મંગળવારે પણ હોઈ શકે!

તમે એને એક સાંજ ઘરની બહાર લઈ જઈ શકો અને એને જે કહેવું છે તે સાંભળી શકો. અથવા થોડા દિવસ કે થોડાં અઠવાડિયાં એને શહેરની બહાર લઈ જઈ શકો જ્યારે તમે તમારા ધંધા સિવાયની, તમારા ટેન્શન સિવાયની, તમારા ગમા-અણગમા સિવાયની એવી કોઈ વાત કરો, જેમાં એને રસ પડે.

*મળી શીળી છાયા ઉપવન તણા વૃક્ષ સરખી,*
*બિડાયેલી આંખે ભીતર જગ આ જાય ઝબકી.*

એને જે ગમે, એ જે ઈચ્છે એ કરીને અથવા એને કરવા દઈને એક સાવ જુદા પ્રકારનો બ્રેક એને આપી શકો...

મારી માની ઈચ્છા હંમેશાં આ બ્રેકની રહી છે.

જોકે આવો કોઈ બ્રેક હું એને આપી શકી નથી...

હું જન્મી અને એક વર્ષની થઈ એ પહેલાં એણે એની નોકરી છોડી દીધી. એની તબિયત કારણભૂત હશે કદાચ, પણ મારા પિતાની ઈચ્છા વધુ મહત્ત્વની હતી.

મને જન્મ આપવો અથવા સંતાન હોવું જોઈએ એવું એ દૃઢપણે માનતી હતી, અને છતાં મારા જન્મ પછી નોકરી છોડવી પડી એ બાબત એને આજ સુધી સાલે છે. એ એમ માને છે - કહે છે કે સંતાનને સૌથી વધુ જરૂર માની હોય છે, ક્યારેક કહે છે કે, 'મેં નોકરી છોડી અને કાજલને પૂરેપૂરો સમય આપ્યો તો જ એ જ્યાં છે ત્યાં પહોંચી છે...' અને છતાં એની આર્થિક સ્વતંત્રતા ઝૂંટવાઈ ગઈ એ બાબત નો અફસોસ એને આજે પણ, ૭૨ વર્ષની ઉંમરે પણ અકબંધ રહ્યો છે.

મારી માને આજે પણ પોતાની આગવી આવક હોય એવી ઈચ્છા છે - જેની મને જાણ છે.

પોતાની નોકરી છોડી દઈને એણે ભૂલ કરી એવી લાગણી એના હૃદયમાં છેલ્લા ચાર દાયકાથી ઘર કરી ગઈ છે. અનાવિલ કોમ આમ પણ પોતાના સ્વતંત્ર મિજાજ અને આગવી ખુમારી માટે જાણીતી છે.

એમાંય મારી મા તો 'મોનજી રૂદર'નું ત્રીજી પેઢીનું લોહી. એની ખુમારી એને એના લોહીમાં મળી છે. સ્વતંત્રતા એનો સ્વભાવ નહીં, પ્રકૃતિ છે.

શક્ય છે હું દરેક વખતે એને સમજી ન શકી હોઉં, ક્યારેક સમજી શકી હોઉં તોપણ સ્વીકારી ન શકી હોઉં... પરંતુ એક સ્ત્રી તરીકે હવે મારી જિંદગીના ચાર દાયકા વિતાવ્યા પછી વિચારું છું તો મને સમજાય છે કે દીકરીને ભણાવી-ગણાવીને 'પગ પર ઊભી રહેતી' કરનારને મા-બાપે એને આર્થિક સ્વતંત્રતાના સંસ્કાર સાવ નાનપણથી આપ્યા હશે. એનાં મન અને મગજમાં સ્ત્રીની આર્થિક સ્વતંત્રતાનો ખ્યાલ કેટલો ઊંડો હશે!

એ ખ્યાલ છોડીને, લગ્નજીવન ખાતર - સંતાન ખાતર એણે જ સમાધાન કર્યું એ વિશે એનું મન કદાચ સંમત નહીં હોય, અને એટલે જ આજે પણ એને પોતાની આર્થિક સ્વતંત્રતા નથી એ બાબત ખૂબ સાલે છે.

માણસની ઘણી ઈચ્છાઓ હોય છે, અને બધી પૂરી નથી થતી એ સ્વાભાવિક છે.

કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મિલતા,

કહીં ઝમી, તો કહીં આસમાં નહીં મિલતા.

મારી માની આર્થિક સ્વતંત્રતા કદાચ એટલી અઘરી બાબત નહોતી. મારા પિતાએ ઈચ્છ્યું હોત તો કદાચ એ પોતાની માન્યતાઓ સાથે સમાધાન કરી શક્યા હોત એવું અત્યારે મને લાગે છે. હું એ વખતે ખૂબ નાની હતી, એટલે પરિસ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ મારી પાસે નથી જ, પરંતુ મુંબઈ જેવા શહેરમાં સવારે સવાપાંચ વાગ્યે ટ્રેન પકડીને નોકરીએ જતી સ્ત્રીઓને મેં જોઈ છે. આઠ મહિનાનું મોટું પેટ લઈને ટ્રેનની ગિરદીમાં ધક્કામુક્કી કરીને દાખલ થતી સ્ત્રીઓ પણ મેં જોઈ છે.

મારી માની નોકરી એનાથી અઘરી નહીં જ હોય એમ હું આજે માનું છું અને સાથે એવું પણ માનું છું કે જે તે વખતે કરાયેલો નિર્ણય એ સમયની પરિસ્થિતિને અને સંજોગોને આધીન રહીને કરાયો હશે!

આર્થિક સ્વતંત્રતાનો અભાવ કદાચ એટલે પણ વધારે સાલે, કારણ કે મારા પિતા એક જુદા પ્રકારની વ્યક્તિ હતા. સામાન્ય રીતે પુરુષો ઘર ચલાવવ માટે નાનાં-મોટાં સમાધાન કરતા હોય છે. મારા પિતાએ એમની માન્યતાઓ અને એ જેને પ્રમાણિકતા માનતા હતા એની સાથે ક્યારેય સમાધાન કર્યું નહીં - પરિણામે એક પછી એક નોકરીઓ બદલાતી

*સરી જાતાં જોયાં પલકભરમાં મુગ્ધ સમણાં,*
*નવી રીતે જોઉં અવલનવલાં દૃશ્ય નમણાં;*

રહી.... આ બદલાતી નોકરીઓ અને આ બદલાતાં શહેરો, બદલાતાં ઘરો અને બદલાતી પરિસ્થિતિઓની વચ્ચે પોતાની આર્થિક સ્વતંત્રતા હોત તો કદાચ પોતે વધુ સારી રીતે રહી શકી હોત એવું માનતી મારી માની માન્યતા સાવ ખોટી છે એવું હું ન જ કહી શકું.

પોતાની નાની નાની ઈચ્છાઓ સાથે કરવાં પડતાં સમાધાન કે એકના એક સંતાનને અવારનવાર પાડવી પડતી 'ના' મારા પિતા માટે બહુ મોટી વાત નહોતી. પરંતુ મારી માને એનાથી તકલીફ થઈ હશે એવું મને આજે સમજાય છે.

જોકે એની સામે મારે એટલું સ્વીકારવું રહ્યું કે મારા પિતાએ એને કદી કોઈ તકલીફ પડવા દીધી નથી... લગભગ આખું ભારત એણે ખૂબ સવલતો સાથે ફરીને જોયું છે. આજે એની પાસે પોતાનું ઘર છે, ગાડી છે, નોકરચાકર અને સવલતો સાથે એ સરસ મજાની જિંદગી જીવે છે - જેમાં એનું આર્થિક પ્રદાન નથી જ.

અને, તેમ છતાં એની આર્થિક અસલામતીનું પ્રમાણ ઘણું વધારે છે.

પોતા નથી કમાઈ શકી માટે તકલીફ પડશે જ... એમ માનીને જીવતી મારી માની એકમાત્ર ઈચ્છા 'કમાવાની' રહી છે. એણે મારા જન્મ પછી નોકરી છોડવી પડી એ વાત એના મનમાં એટલી તો ઊંડી ઊતરી છે કે અમારા સંબંધો પણ ક્યારેક તણાવભર્યા થઈ જાય છે.

દરેક સ્ત્રીની બે પ્રકારની ઈચ્છાઓ હોય છે, એક એના સ્ત્રી હોવા સાથે જોડાયેલી ઈચ્છાઓ.... અને બીજી એના માતૃત્વ સાથે જોડાયેલી ઈચ્છાઓ...

મારી માની સ્ત્રી સાથે જોડાયેલી ઈચ્છાઓ તો એટલી પ્રબળ હશે કે એના માતૃત્વ સાથે જોડાયેલી ઈચ્છાઓ ધીમે ધીમે ગૌણ બનતી ગઈ હશે.

મને પોતાને ઘણી વાર એવું લાગે છે કે મેં એને અન્યાય કર્યો છે, વીતેલાં વર્ષો પાછાં નથી આવતાં. એટલે એમાં કોઈ સુધારો થઈ શકતો નથી. મારી સાથે મારો ઉછેર જોડાયેલો છે - મારા અભાવો, મારી જવાબદારીઓ અને મારી મુશ્કેલીઓ મારા વ્યક્તિત્વ સાથે જોડાયેલાં છે એટલે દરેક વખતે હું ઈચ્છું તેમ વર્તી શકતી નથી...

એવું જ એની સાથે પણ થતું હશે.

અમારા આપેલા પૈસા એ લે છે ખરી - પણ સ્વીકારતી નથી. એની તમામ જરૂરિયાતો અને સવલતો પૂરી કરવાના અમારા નિષ્ઠાવાન પ્રયત્ન પછી પણ 'એના પોતાના' પૈસા એની પાસે નથી એનો અભાવ એને કોરી ખાય છે.

મારી મામીઓ શિક્ષક હતી, એમના પેન્શનની આવક મારી મા માટે ક્યારેક એના અભાવને તીવ્રતર બનાવવાનું કામ કરે છે.

કોઈ પણ વ્યક્તિ મારા લખાણ વિશે કે મારી પ્રસિદ્ધિ વિશે એની સાથે વાત કરે તો એને ગૌરવ થાય છે, પરંતુ એ ગૌરવ એના પોતાના અભાવમાં ક્યારેક સંતાઈ પણ જાય છે.

આજે એની જિંદગીના સાત દાયકા પૂરા થયા પછી પણ ક્યારેક અકળાય ત્યારે કહે છે, 'મેં મારી નોકરી છોડીને ભૂલ કરી!'

મારી માની ઈચ્છા હવે એના આ જનમમાં તો પૂરી નહીં કરી શકું...

ઈચ્છાઓ હંમેશાં બાકી રહી જવી જોઈએ, તો જ ફરી જનમવા માટે કારણ રહે!

અને આમ પણ, મેં મારી નવલકથા 'યોગ-વિયોગ'માં લખ્યું છે એમ, 'માણસ જતો રહે અને ઈચ્છાઓ બાકી રહી જાય એને મૃત્યુ કહેવાય.... માણસ જીવતો હોય અને ઈચ્છાઓ જતી રહે એને મોક્ષ કહેવાય!'

***

*ઠરીને પામું છું: નથી ભરખતી કોઈ ભ્રમણા,*
*તમે સાથેસાથે ક્ષણક્ષણ મહીં: ભવ્ય ઘટના.*

# ઈમાનદારીની દુનિયા ભૂંસાઈ જતી લાગે ત્યારે

**- શ્રી શંકર**



પ્રામાણિકતા મરી પરવારી છે અને કોઈ કોઈનું નથી એવું વાતાવરણ આપણી આસપાસ સર્જાઈ રહ્યું છે એવી તીવ્ર લાગણી પ્રગટવા માંડે ત્યારે હંમેશાં વિખ્યાત બંગાળી નવલકથાકાર 'શંકર'ની નવલકથા 'ચૌરંગી' યાદ આવી છે. નવલકથા પ્રથમ પુરુષ એકવચનમાં લખાઈ છે અને એના હીરોનું નામ પણ શંકર છે.

ચૌરંગીનો મુફલિસ હીરો શંકર એક બેરિસ્ટરની ઑફિસમાં મામૂલી નોકરી કરતો હતો. બૅરિસ્ટર ગુજરી જાય છે અને નોકરી છૂટી જાય છે. શંકર ફરી પાછો ફૂટપાથ પર આવી જાય છે. નોકરીની શોધમાં રખડે છે. શંકર અનેક જગ્યાઓએ અરજી કરે છે પણ પોસ્ટ ઑફિસની આવક વધારવા સિવાય કશું પરિણામ આવતું નથી. શંકર હારી જાય છે. થાકીને ચૂર ચૂર થઈ જાય છે. પૈસાનીય બચત બાકી નથી. ઉપવાસ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

શંકર છેવટે ફેરીનો ધંધો શરૂ કરે છે. સારી ભાષામાં કહો તો સેલ્સમેનશિપ. ઑફિસમાં ફરી ફરીને કચરાની ટોપલી, વેસ્ટ પેપર બાસ્કેટ વેચવાનું કામ શરૂ કરે છે. એક રૂપિયાની બાસ્કેટ પર ચાર આનાનું કમિશન મળે. શંકર માટે એ ચાર આના સ્વર્ગની સંપત્તિ છે.

શંકર હિંમત હારતો નથી. એ ઑફિસમાં જાય છે. ટાઈ-સૂટ-બૂટમાં સજ્જ અધિકારી શંકરને પ્રોત્સાહન આપે છે અને કહે છે: 'મારી ઑફિસને છ બાસ્કેટની જરૂર છે. પણ તને પૈસા મળે ત્યારે મારો ભાગ આપવાનું ભૂલતો નહીં.'

શંકરને છ બાસ્કેટ પર દોઢ રૂપિયાનો ફાયદો થાય છે. હથેળી પર એ રકમ મૂકીને અફસરને ધરે છે: 'આમાંથી તમને યોગ્ય લાગે એટલી રકમ લઈ લો.' અફસર કહે છે, 'બીજી કોઈ ચીજ હોત તો પરચેઝ પર મારા થર્ટી પર્સેન્ટ લીધા હોત. તું બંગાળી છે, મારો જ જાતભાઈ છે એટલે પચ્ચીસ ટકા જ લઈશ' અને એ પૂરો દોઢ રૂપિયો શંકરના હાથમાંથી લઈ પોતાના ગજવામાં સરકાવી લે છે.

શંકર કોઈ સવાલ કર્યા વગર નીચે મોઢે ઑફિસની બહાર નીકળી જાય છે. અવાચક થઈને દુનિયાની વિચિત્ર રીતરસમને સમજવાની કોશિશ કરે છે. શંકર વિચારે છે કે આ જ દુનિયા એક વખત કેટલી ખૂબસૂરત લાગતી હતી. આ જ દુનિયામાં એક જમાનામાં એને માણસ માટે શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો કે માણસની અંદર જ દેવતાનો વાસ છે. અચાનક એને લાગવા માંડે છે કે પોતે મૂરખ છે. દુનિયાએ આટઆટલી ઠોકરો આપી છતાં ચાલતાં ન આવડ્યું ? શું આ જ્ઞાનનેત્ર હજુ પણ નહીં ખૂલે ? ના, આ રીતે તો જિંદગી ચાલવાની જ નથી.

શંકર એક રૂપિયાની ટોપલીનો ભાવ સવા

*વહે રોમે રોમે હૃદયતલમાં એક રટણા*
*ત્રણે જાણે કેવા સ્થિર થઈ ગયા કાળ હમણાં!*

રૂપિયો કહેવા માંડે છે. જે લોકો ટોપલી ખરીદે છે એમને બેશરમ બનીને કહે છે કે સાહેબ આ તો વિધાઉટ માર્જિનનો બિઝનેસ છે. એક પૈસો મને મળતો નથી. માર્કેટમાં કોમ્પીટીશન એટલી છે કે ખરીદ ભાવે જ માલ વેચી દેવો પડે છે.

અને આ રીતે શંકરનો માલ ક્યારેક વેચાય છે, પણ માણસ પ્રત્યેનો બધો જ વિશ્વાસ એ ખોઈ બેઠો છે અને એને કારણે કોઈનેય કોઈ જાતનું નુકસાન નથી થયું. માત્ર એટલું જ લાગે છે કે સ્વાર્થથી આંધળી થયેલી આ દુનિયામાં પોતાનું કોઈ નથી, જીવવું હશે તો ચાલાકીથી જીવવું પડશે. પોતાનો રસ્તો પોતે જ બનાવી લેવો પડશે. એક દિવસ એક ઑફિસમાં એ પ્રવેશે છે. એક મેમસાબ નજીકમાં જ બેઠી છે. શંકર સેલ્સમેનશિપ શરૂ કરે છે : વેસ્ટ પેપર બાસ્કેટ, મૅડમ. વેરી ગુડ. વેરી સ્ટ્રૉન્ગ ઍન્ડ વેરી વેરી ડ્યુરેબલ. પણ મેમસાબ એને ભગાવી દે છે. બહાર દરવાજા પર મોટી મૂછવાળો એક દરવાન બેઠો છે. માથા પર મોટી પાઘડી અને સફેદ યુનિફૉર્મ, છાતી પર પિતળની પટ્ટી લટકાવી છે જેમાં કંપનીનું નામ કોતર્યું છે. દરવાન શંકરને બોલાવીને પૂછે છે: કેટલા મળે છે એક ટોપલી પર ? શંકર આ પ્રશ્નનો ભાવાર્થ સમજી જાય છે અને કહે છે : 'સા'બજી, કુલ માંડ ચાર આના છૂટે છે આ સવા રૂપિયાની ટોપલી પર.'

દરવાનની ભલામણથી શંકરને છ બાસ્કેટનો ઑર્ડર મળી જાય છે. પેમેન્ટ મળી જાય છે. રૂપિયા લઈને શંકર બહાર આવે છે. દરવાનને જે કમિશન આપવું પડશે એની જોગવાઈ પહેલેથી વધારેલા ભાવમાં થઈ ગઈ હતી એટલે આમ તો ખાસ કોઈ વાંધો નહોતો. ઑફિસની બહાર પગ મૂકવા જાય છે ત્યાં જ દરવાન એને રોકીને પૂછે છે, 'પૈસા મળી ગયા ?' શંકર હથેળીમાં દોઢ રૂપિયો મૂકીને બોલે છે, 'દરવાનજી, મને આટલું કમિશન મળ્યું છે. આમાંથી તમારે જે લઈ લેવું હોય તે લઈ લો...'

દરવાનના ચહેરા પર જાણે કાળી શાહી છંટાઈ હોય એવો એ કાળોધબ્બ થઈ જાય છે. ક્રોધ અને અપમાનથી એનું શરીર કાંપવા માંડે છે. શંકરે વિચાર્યું કે આટલું ઓછું કમિશન મળવાથી એ ગુસ્સે થઈ ગયો છે. શંકરે કહ્યું, 'સાચું કહું છું, દરવાનજી, મને છ ટોપલી પર દોઢ રૂપિયાથી વધારે એક પૈસો નથી મળતો.'

દરવાન થડકાર સાથે બોલે છે: 'તું સમજે છે શું મને ? તને મેં ટોપલી વેચાવી આપી એ જ મારી ભૂલ થઈ. તારું કમિશન ખાવા મેં આ કામ કર્યું હતું ? રામ, રામ, રામ...'

અને શંકર પોતાની આંખમાંથી વહી જતાં આંસુને રોકી શકતો નથી. પૃથ્વી હજુ પૂરેપૂરી દયાહીન નથી થઈ એની એને ખાતરી થાય છે. દરવાન એને પાસે બેસાડે છે. માટીના વાસણમાં ચા પિવડાવે છે એની પીઠ પર હાથ રાખીને કહે છે:

'બચ્ચા, ડરવાનું નહીં. તકલીફોથી ગભરાવાનું નહીં. તારી આંખમાં હું આગ જોઈ રહ્યો છું. એક દિવસ તું પણ મોટો માણસ બનીશ, ખુબ મોટો માણસ બનીશ. એક વાત યાદ રાખજે, ઉપર આસમાનમાં રહેવાવાળો બધું જ જોતો હોય છે. એનાથી કશું જ છૂપું નથી. સચ્ચાઈના માર્ગ પર ચાલો અને ખુશ રહો. એની સાથે ક્યારેય દગાબાજી કરવાની નહીં.'

શંકર દરવાનજીના ચરેહા સામે જોતો રહે છે. એની વાતો સાંભળતો રહે છે અને આંખમાંથી આંસુ વહાવતો રહે છે.

* * *

*સવારે કે સાંજે: અવ નવ રહ્યા ભેદ વસમાં,*
*હવે હું જીવું છું તવ શરણના શાંત રસમાં.*

# મનની બાયપાસ સર્જરી

- સૌરભ શાહ

બે દેશની સરહદો વચ્ચેની અડધો કિલોમીટરની પટ્ટીનો વિસ્તાર લશ્કરી જાર્ગોનમાં નો-મેન્સ લેન્ડ કહેવાય છે. એ જમીન પર બેઉમાંનો કોઈ દેશ દાવો ન કરી શકે કે આ જમીન તારી નથી, મારી છે. જ્યાં મારું-તારુંના વિવાદને અવકાશ ન હોય તે પ્રદેશ એટલે નો-મેન્સ લેન્ડ.




નો-મેન્સ લેન્ડનું કામ બે રાષ્ટ્ર વચ્ચેની સાઠમારી ટાળવાનું છે. તસુએ તસુ જમીન નક્શામાં સમાવી લેવાને બદલે થોડુ હું જતું કરું, થોડું તમે જતું કરો એવા ભાવ સાથે દુનિયાના તમામ દેશોએ - પરસ્પર ગમે એટલી દુશ્મનાવટ હોય તો પણ - આ વ્યવસ્થા સ્વીકારી. નો-મેન્સ લેન્ડ માત્ર ભૌગોલિક ગણતરીની એડજસ્ટમેન્ટ છે. આ જ રીતે રોજની કેટલીક ક્ષણોને નો-મેન્સ મોમેન્ટ્સ બનાવી શકીએ? કોઈનેય આધીન ન હોય એવી આ નિરાધીન ક્ષણોમાં મન સ્થિર થઈ જાય, નિર્વિચાર ન બને પરંતુ આપણે જે વિચારવા માગીએ છીએ એ જ વિચાર રમતા રહે. આખો દિવસ વણજોઈતા વિચારો વગર પૂછ્યે આવીને ટ્રેસપાસિંગ કરી જતા હોય છે. નિરાધીન ક્ષણો દરમ્યાન મન સંપૂર્ણ કાબુમાં હોય છે.

શાંતિનું મહત્ત્વ, મૌનનું મહત્ત્વ, શીખવું હોય તો સંગીતનો શોખ કેળવવો જોઈએ. સંગીતમાં ધ્વનિ જેટલું જ મહત્ત્વ બે ધ્વનિ વચ્ચેના મૌનની માત્રાનું છે. કેવળ ધ્વનિનું મહત્ત્વ હોય ત્યારે સંગીત નથી જન્મતું, કોલાહલ સર્જાય છે. મનનું એવું જ. મનને પણ મૌન જોઈએ. વાણીનું મૌન બીજાઓ પણ અનુભવી શકે એવું બાહ્ય મૌન છે. એ પણ ખોટું નહીં. શ્રવણનું મૌન પાળવા કર્ણમાં રૂનાં પૂમડાં ખોસવાં જરૂરી નથી. એવું કર્યા વિના પણ બહારથી આવતા અવાજોને સાંભળ્યા ન સાંભળ્યા કરી શકાય. આંખનું મૌન પાળતાં પણ શીખવું. વાસ્તવિકતા સામે આંખો બંધ કરી દેવાથી એ પાળી શકાય એવી ભ્રમણામાં ન રહીએ; હકીકતો પ્રત્યે આંખો મીંચી દેવાથી માણસ પલાયનવાદી બની જાય. જે વાસ્તવિકતા છે તેને જોવી જ પડે, પણ બધું જોયા પછી જે સ્વસ્થ રહી શકે એણે આંખનું મૌન પાળ્યું કહેવાય.

સૌથી ઉત્તમ મનનું મૌન. દરેક ઈન્દ્રિયના મૌનનું મહત્ત્વ એટલા માટે કે આ સ્થિતિ દરમ્યાન એ ઈન્દ્રિય પોતાની પ્રવૃત્તિની દિશા ફરી એકવાર ચકાસી લે છે. થોડોક ઍન્ગલ ફરી ગયો હોય તો સુકાન ફરી સેટ કરી શકે. સમારકામની કે પછી ઓવરહૉલિંગની જરૂર હોય તો તરત સર્વિસિંગ મેઈન્ટેનન્સ થઈ શકે.

હૃદયમાં બાયપાસ સર્જરી કરવી હોય ત્યારે દસ મિનિટ એને બંધ કરી એનું કામ કૃત્રિમ યંત્રો પાસે કરાવવામાં આવે છે. હૃદય ફરીથી એ જ ગતિએ કામ કરતું થાય એ માટે થોડીક ક્ષણો એણે પણ અટકી જવું પડે. મનની બાયપાસ સર્જરી હજુ શોધાઈ નથી. શોધાશે પણ નહીં. કારણ કે મન કોઈ વસ્તુ નથી, એક કન્સેપ્ટ છે. એક કાલ્પનિક આકાર છે એનો. એટલે એની બાયપાસ સર્જરી પણ કલ્પનામાં જ કરી લેવાની. મનની બાયપાસ સર્જરી કરવાનો વખત ક્યારે આવે? જીવનને પ્રસન્ન, આનંદમય બનાવે એવું વર્તન કરતાં શીખવાડે એવા વિચારોનું વહન કરતી નાની નાની કોમળ નલિકાઓમાં ભૂંસું ભરાઈ જાય ત્યારે. જડતા, પરિવર્તન પ્રત્યેનો અણગમો, રૂઢિગત વિચારોને જડસુની જેમ પકડી રાખવાની વૃત્તિ, છતી આંખે પાટા બાંધીને વાસ્તવિકતાને ન જોવાનો પલાયનવાદ - આ બધું મનનું કોલેસ્ટરોલ છે, સાદી ભાષામાં ભૂંસું છે. જેના

(અનુસંધાન પાના નં. ૨૬ ઉપર)

*મને વ્હાલું લાગે મુનિવ્રત, હવે શબ્દ ખરતો,*
*સદા તારી પાસે કુદરત થઈને વિરમતો.*
*- સુરેશ દલાલ*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### અલપઈમાં પર્યુષણ આરાધના

અલપઈમાં પર્યુષણ આરાધના ખૂબજ રૂડી રીતે થયેલ. આરાધના કરાવવા શ્રી આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ-મુંબઈ થી શ્રીમતી પ્રેમીલાબેન તથા શ્રીમતી વિમલાબેન પધારેલ.

કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ : શ્રી અલપઈ જૈન બહેનોએ, પારણું ઘરે પધરાવવાનો લાભ : શ્રી જૈન મિત્ર મંડળે, કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ : શ્રીમતી ભાનુબેન કાનજી શાહ (મદ્રાસે), બારસાસૂત્ર વહોરાવવાનો લાભ : શ્રીમતી ભાનુબેન કાનજી શાહ (મદ્રાસે)એ લીધેલ.

પર્યુષણ પર્વનું કુલ ઘૃત ૪૬૬૦૦ મણ થયેલ છે.

તપશ્ચર્યા : અઠ્ઠાઈ-૪ ૧) પ્રેમીલા જે. મૈશેરી ૨) દિવ્યા સી. લોડાયા ૩) હાર્દિક લીખશ શાહ ૪) હેમેશ જયેશ ધરોડ

અઠ્ઠમ-૧ : કલ્પેશ કાનજી ધરોડ તથા આઠ એકાસણા .

### ગાંધીધામ એકતા મહિલા મંડળ : અવસર મેલા

શ્રી ક.દ.ઓ. એકતા મહિલા મંડળ દ્વારા રવિવાર તા. ૧૬-૧૦-૧૬ના રોજ ''અવસર મેલા''એક્ઝિબિશન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક્ઝિબિશનમાં દિવાળીને લગતી આઈટમો, સ્પોટર્સ, હેલ્થ, હોમ પ્રોડક્ટસ, બ્યુટી અને સ્કીન કેર, મહેંદી અને નેઈલ આર્ટ, કુર્તીજ, ઈમીટેશન જ્વેલરી, સુજ, ફુડ સ્ટોલ તેમજ ગેમ સ્ટોલ રાખવામાં આવ્યા હતા.

માતુશ્રી વિજયાબેન કુલીનકાંત લોડાયા એક્ઝિબિશનના મુખ્ય દાતા હતા. એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન એમના દ્વારા કરાવવામાં આવ્યું હતું. એક્ઝિબિશનને સફળ બનાવવા પ્રમુખ મીનાબેન લાલકા, ઉપપ્રમુખ દિપ્તિબેન ધરમશી, મંત્રી ભાવિની દંડ, સહમંત્રી દિપ્તીબેન, ખજાનચી લિપીકા મૈશેરી, સહખજાનચી મૃદુલબેન નાગડા, કલ્પનાબેન મોતા, ફાલ્વી લોડાયા, લતાબેન નાગડા, તરલાબેન મૈશેરી, સલાહકાર - કસ્તુરીબેન નાગડા, બધાએ પોતાની કામગીરી બજાવી પ્રોજેટ સફળ બનાવ્યો.

### ગાંધીધામમાં મહાકાળી માતાજીની ભાવના

ગાંધીધામના ભારતનગર ઉપાશ્રયમાં તા. ૧૫-૧૦-૨૦૧૬ના રાત્રે શ્રી મહાકાલી માતાજીની ભાવના શ્રીમતી જ્યોતીબેન કાન્તિલાલ લાલકા, ગામ બાંઢીયા, હાલે નાકોડા નગર ગાંધીધામવાળા તરફથી રાખવામાં આવેલ. તેમાં સારી સંખ્યાએ લાભ લીધેલ.

ભાવનામાં લીતેશભાઈ લોડાયા, અખીલ લોડાયા, શામજીભાઈ છેડા તથા મયુરભાઈ લોડાયા તથા ભક્તિબેન મોમાયા, નીલમબેન દંડ તથા અંજલબેન ધરમશીએ સારી એવી રમઝટ જમાવેલ પ્રીતીબેન કુરવાએ ચામર રાસ કરેલ.

### સાંયરામાં ધર્મ આરાધના

સાંયરામાં ભાદરવા સુદ ૩ના યોજાયેલ મહાકાલી માતાજીની ભાવનાના લાભાર્થી માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા હ. ઉત્તમભાઈ હતા.

ભાદરવા સુદ ૫ ના પાંચ સાત પૂજન થયેલ ૧લા તથા પાંચમ પૂજનનો લાભ માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવારે, બીજા પૂજનનો લાભ શ્રીમતી ગુણવંતી હીરાચંદ ચત્રભુજ લોડાયા પરિવારે, ત્રીજા પુજનનો લાભ માતુશ્રી પુરબાઈ રાયચંદ લાલજી મોમાયા પરિવારે, ચોથા પૂજનનો લાભ શ્રીમતી ચેતના બિપીન લક્ષ્મીચંદ મોમાયા પરિવારે લીધેલ.

સાધર્મિક ભક્તિના દાતા તથા તા. ૧૧-૯-૨૦૧૬ના ભાદરવા સુદ ૧૦ ના શ્રી કલ્યાણ મંદિર પૂજન થયેલ જેના દાતાશ્રી માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવાર હતા. સંગીતકાર શ્રી કિશોર સાંગારે તથા વિધિકાર શ્રી કેવલ સાવલા હતા.

### શ્રી અનંતનાથજી કો. હૌ. સોસાયટી

કાંજુર માર્ગ કોમ્પલેક્ષ ખાતે દર વર્ષની જેમ નવરાત્રિ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

ઉત્સવનું આયોજન થયેલ. દરરોજ રાત્રે અંબેમાની આરતી, મહાકાળીની ભાવના, દાંડીયા તથા ગરબા રાસ તથા રમત-ગમતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સૌ. રહેવાસીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

તા. ૧૬-૧૦-૨૦૧૬ના શરદ પુનમ ઉત્સવમાં સાંજે દાંડીયા તથા ગરબા રાસ, રમત-ગમત, ઈનામ વિતરણ તથા સ્વરૂચિ ભોજન રાખવામાં આવેલ. ઈનામ વહેચણી પણ કરેલ.

**લાલાના સમાચાર**

લાલા ગામના પદાધિકારીઓની યાદીમાં શરત ચૂકથી શ્રી નવીન લક્ષ્મીચંદ લોડાયાનું નામ તથા ટુંકમાં જ ગામની અગ્રતા નક્કી કરવા સ્નેહમિલન સહ વિશેષ સભા બોલાવશે એ સમાચાર રહી ગયા છે તે ઉમેરીને વાંચવું.

**નલિયા મહાજનની અનોખી પહેલ...**

નલિયા મહાજને કુટુંબ દીઠ રૂા. ૧૧૦૦/- રૂપીયા અગીયારસોના લાગાને આજીવન નકરા રૂપે રાખીને ક્રાંતીકારી પહેલ કરી છે. જ્યાં સુધી કુટુંબ સંયુક્ત રહેશે ત્યાં સુધી ઘર દીઠ આ નકરો આજીવન ચાલશે. જયારે કુટુંબમાંથી કોઈ દીકરો પોતાનું અલગ ઘર વસાવશે ત્યારે તેણે ફરીથી લાગા ભરવા પડશે.

આજના જમાનામાં દર વર્ષે લાગા ભરવાનું કોઈને યાદ પણ નથી રહેતું તેથી આવી વ્યવસ્થા સમયોચિત ગણાય.

નલિયા મહાજનની આજીવન રૂા. ૧૧૦૦/- ની યોજના એટલે એક નજીવી રકમમાં જિંદગી ભર યાદ રાખવાની કુડાકુટ માંથી બચી શકાય છે.

નલિયા મહાજનને એ બદલ અભિનંદન મુંબઈ મહાજને પણ આ દિશામાં વિચારવું જોઈએ.

**– ફાલ્ગુન લખમશી ખોના,** નલીયા-ભાંડુપ

**મેડ ઈન ચાઈના**
**બહિષ્કારની વાતો જ કરવી છે ?**




ચીન પૂર્વકાળથી ભારતનો દુશ્મન રહ્યો છે. આતો જવાહરલાલ નેહરૂના ઢીલી નીતિના કારણે ચીન કાયમ દરેક વખતે ભારત ઉપર હાવી રહેતો આવેલ છે. ૧૯૬૫ના ચીની આક્રમણમાં ભારતની શરમજનક હાર અને મોટા પાયે ભારતીય જમીન ચીને કબજો જમાવી ભારતને શરમજનક સ્થિતિમાં દુનિયા સામે ઉભું કરેલ.




તે છતાં મુક્ત વેપારનો સિધ્ધાંત અપનાવાયા પછી ચિનીઓને ખૂલો દોર આપી ભારતમાં ભરપૂર વ્યાપાર કરી હલકું નબળું સસ્તું આકર્ષણ સુંદર (ભારતીય માલસામાન સારું મજબૂત હોવા છતાં) હોવાથી દરેક વર્ગના લોકોના ઘરમાં પહોચી ગયું. સોઈથી કરી – ઈલેક્ટ્રીક, ઈલેક્ટ્રોનિક એટમો મોબાઈલ લેપટોપ ટીવી જેવી અનેક આઈટમો, ફેબ્રીક, કાર્બોડાઈઝ, લોખંડી વસ્તુઓ જેમ કે નાની મોટી સાયકલો ઓટોમોબાઈલ સ્પેરપાર્ટ પ્લાસ્ટિકની અનેક જાતોની વસ્તુઓ, એક્રેલિક ફરનીચરો મેડિસન દવાઓ મોટા પાયે રમકડાઓ ગિફ્ટ આર્ટિકલ્સ ઘાતક ધુમાડા છોડતા મોટા પાયે આકર્ષક ફટાકડાઓ... આવી તો અનેક વસ્તુઓ જે આપણને ખબર નથી કે આ ચાઈના મેડ છે જેવા માલસામાન ભારતીય બજાર ઉપર ૬૦ ટકાથી ઉપર કબજો જમાવે છે.

આની કમાણીમાંથી ચીન શસ્ત્રોથી પાકિસ્તાનને મદદ કરી રહ્યો છે વ્યાપારી બંધુઓ ચાઈનાનો માલ વેચી અને આપણને ચીની માલ ન ખરીદવાથી આપણું કોઈ કામ અટકતું નથી કે આપણે પછાત નથી થઈ જવાના કે મરી નથી જવાના...

આતો આપના ભારતીય સૈનિકોના માનસન્માન, દેશ-પ્રેમની વાતો છે કે દેશના દુશ્મનોને મદદ કરી ભારતમાતાની સાથે ગદ્દારી કરવી કે ચીની માલ-સામાનનો બહિષ્કાર કરી દેશ-પ્રેમ જાગૃતિ લાવવી આપણને આજાદ સ્વતંત્ર છીએ.

**કુછ ભી કરો મેરા ભારત મહાન હે ભારત માતા કી જય.**

**– તેજકુમાર જૈન,** રાજકોટ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

નવા વર્ષે સંકલ્પ કરીએ કે જ્યારે પ્રભુ દે ત્યારે સૌનો વિચાર કરી સમુદાય માટે યથાશક્ય ફાળો નોંધાવીએ.
– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## જીવનચક્ર

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૬ | કાંદિવલી | યમીશ લલિત પ્રતાપ ધરમશી | સુથરી | ૨૬ |
| | થાણા | માનસી કિરીટ ઉમરશી દંડ | લાલા | ૨૩ |

**અંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૬ | સાંતાક્રુઝ | બાહુષ હિરેનભાઈ ભોગીલાલ શાહ | લીંબડી | ૨૯ |
| | ડોમ્બીવલી | ખુશ્બૂ તિલક ગોવિંદજી પોલડીયા | ગોએરસમા | ૨૯ |

**સગપણ છૂટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૦-૧૬ | સાયન | ધનીલ પ્રવિણચંદ્ર લોડાયા | મોટી વરંડી | ૩૩ |
| | ડોમ્બીવલી | હેત્વી પુનમચંદ વેલજી મૈશેરી | મોટી સિંધોડી | ૩૧ |
| ૨૫-૧૦-૧૬ | વડોદરા | જુબીન કિશોર લહેરચંદ લોડાયા | સાંયરા | ૨૫ |
| | વડોદરા | શિવાંગી તુષારભાઈ યાદવ | સાંવરકુંડલા | ૨૫ |

**સગપણ છૂટા (ભુલ સુધાર-મહાજન)**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૦-૧૬ | કાંજુરમાર્ગ | યતિન ભરત શામજી છેડા | નલીયા | ૩૦ |
| | વિક્રોલી | નિશા વિજય દગડુ ખરાત | વિક્રોલી | ૨૪ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૭-૧૬ | ખંડવા | જીતેશ નવીનચંદ્ર મેઘજી નાગડા | લાલા | ૪૩ |
| | રાયચુર | રૂપલ દામજી કુંવરજી મોમાયા | વરાડીયા | ૪૦ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૬ | ડોમ્બીવલી | દિનેશ દામજી વોરા | ગોએરસમા | ૪૧ |
| ૨૦-૧૦-૧૬ | હુબલી | દિનેશ કેશવજી દેવજી ઝવેરી *(ભુલ સુધાર)* | જખૌ | ૬૨ |
| ૨૩-૧૦-૧૬ | વૈષ્ણોદેવી/ ઘાટકોપર | સંજય દામજી કલ્યાણજી લોડાયા | જખૌ | ૪૭ |
| ૨૩-૧૦-૧૬ | જામનગર | સરોજબેન માણેકજી લોડાયા (ભાભાવાળા) | મોટી ખાવડી | ૬૮ |
| ૨૪-૧૦-૧૬ | ભાંડુપ | લહેરચંદ નરસી ઠાકરશી છેડા | નલીયા | ૬૭ |
| ૨૫-૧૦-૧૬ | વડાલા | ઉત્તમચંદ લક્ષ્મીચંદ માડણ (લોડાયા) | સાંયરા | ૭૮ |
| ૨૬-૧૦-૧૬ | ઘાટકોપર | કુસુમકાન્ત ટોકરસી નરસી નાગડા | લાલા | ૭૯ |

## મનની બાયપાસ સર્જરી (અનુસંધાન પાના નં. ૨૩ થી ચાલુ)

ભેજામાં આ ભૂંસું ભરાઈ ગયું હોય એમણે તાત્કાલિક મનની બાયપાસ કરાવી નાખવી પડે. આપણા સૌના ભેજામાં વત્તેઓછે અંશે ભૂંસું ભરાયેલું છે. કેટલાકના મનમાં વધારે ભરાયું છે. એમને ડબલ કે ટ્રિપલ બાયપાસની જરૂર પડે.

મનમાં મૌન સર્જીને વિચારોનો ટ્રાફિક સ્થગિત કરી નાખીએ. માત્ર સ્થગિત કરીએ, નાબુદ નહીં. કારણ કે નિર્વિચાર મન જેવું કશું હોતું જ નથી. વિચારોને સ્થગિત કરીને દરેક વિચારને એ દિશાએ વાળીએ જ્યાં આપણે એને વાળવા માગીએ છીએ. વિચારને જ્યાં જવું હોય એ દિશામાં એને જતા રહેવાની છૂટ અત્યાર સુધી બહુ આપી અને પરિણામ જોઈ લીધું. સર્જરી કરાવવાની નોબત આવી ગઈ. કોઈક વિચારને ડાબી તરફ જતો અટકાવી જમણે વાળવો, કોઈકને સીધો કરી નાખવો, કોઈકને યુ-ટર્ન આપી પાછા જતા રહેવાનું કહેવું, નો-પાર્કિંગમાં ઊભેલા વિચારને ટૉ કરીને દૂર લઈ જવો અને પછી એને સારી પેઠે દંડવો, વારંવાર લેન બદલ્યા કરતા વિચારને ઠમઠોરવો, લાલ સિગ્નલને અવગણતા વિચારનો નંબર નોંધીને એની પાવતી ફાડવી અને ખરેખરી તકલીફને કારણે ખોટકાઈ ગયેલા વિચારને ધક્કો મારીને એક બાજુએ ખસેડી લેવામાં મદદ કરવી.

આ તમામ કામ એકલાએ જ કરવાનાં છે, એટલે ચાલુ ટ્રાફિક નહીં થઈ શકે, એને થોડીક ક્ષણો માટે બંધ કરવો પડશે. એક વખત બધું વ્યવસ્થિત થઈ જાય એ પછી સિસોટી મારીને લીલી ઝંડી દેખાડી દેવામાં વાંધો નહીં. પણ પછી દર વખતે આવું મેજર ઑપરેશન ન કરવું પડે એટલે રોજ નો-મેન્ટલ મોમેન્ટ્સવાળી ટીકડી લીધા કરવાની. ગેટ વૅલ સૂન.

* * *

# વર્ષ ૨૦૧૬ના સાંયરા નગરે પ.પૂ.સા. ભગવંતના પ્રવેશ – પર્યુષણપર્વ – પૂજનની યાદગાર તસ્વીરો

વધુ તસ્વીરો ૧લા અને ૨જા પાને

















UPASANA - 9820167767

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (31-10-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

।। શ્રી અજિતનાથાય નમઃ ।।　　શીવમસ્તુ સર્વ જગત　　।। શ્રી મોમાય માતાય નમઃ ।।

ધર્માનુરાગી, શ્રેષ્ઠીવર્ય, સંઘરત્ન, પરોપકારી નતમસ્તકે વંદના



માતૃભૂમિઃ
દલતુંગી (હાલાર)
અવતરણ :
વિ.સં.૨૦૦૨ શ્રા.સુ. ૭
બુધવાર તા.૧૫-૦૮-૧૯૪૬



કર્મભૂમિઃ
દલતુંગી (જામનગર)
મોક્ષગતિ :
વિ.સં.૨૦૭૧ કા.સુ.૧૧
સોમવાર તા.૦૩-૧૧-૨૦૧૪



# નગરશેઠ શ્રી જયંતિલાલ કેશવજી માલદે

**છોડી અમારો સાથ, ગયા છે પ્રભુની પાસ, અમહૈયે રહેજો કેવળ, તમારી સ્મૃતિનું સંગાથ.**

પરમ પુરૂષાર્થી આપ જીવન કારકીર્દિ ના રાહબર અને પ્રેરણાના પર્થદર્શક, સત્ય નિતિમતા ના માર્ગે ચાલવાની શીખ આપનારા જીવમાત્ર પ્રત્યે પ્રેમ દર્શાવનારા, કરૂણાહૃદયી, અમારા કુટુંબમાં શ્રેષ્ઠ આદરણીય વડીલનું માન ધરાવનાર, જ્ઞાતિ-શાસન-સમાજનાં ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ, આપની વિદાયથી ગુમાવી છે છાયા અને પ્રેરણાની પરબ. આપના દ્વારા કંડારેલા ઉચ્ચત્તમ જીવનમૂલ્યો-આદર્શો ની કેડીયે સદાય ગતિશીલ રહિએ એજ આપને શ્રધ્ધાજંલિ. પ્રભુ તમારા આત્મા ને ચિર શાંતિ આપે. અને મોક્ષ માર્ગ પામો એવી અભ્યર્થના સાથે આપને વંદન કરી ગુણાંજલિ,સ્મણાંજલિ, અર્પણ કરીએ છીએ.

લિ. આપની અમર યાદમાં
ધર્મપત્ની : રંજનબેન જયંતિલાલ કેશવજી માલદે
પુત્ર-પુત્રવધુ : ભરત-લલિતા, પરેશ-જ્યોતિ　પૌત્ર-પૌત્રી : અંકિત-ડીમ્પલ-યશવી-હિયા
દીકરી-જમાઈ : ચેતના-અજય ખોના (ઘાટકોપર-ગોરખડી)　દોહીત્ર : સાગર-સ્મિત

મા.ધનબાઈ કેશવજી નાયાભાઈ માલદે (પટેલ)પરિવાર-દલતુંગી　મા.ગુણવંતીબેન ધનજી લાપસીયા પરિવાર - દલતુંગી
મા.પુરબાઈ રૂપશી પદમશી લોડાયા (ભાભાવાળા)પરિવાર-મોટી ખાવડી　મા.રંજનબેન અરવિંદ દંડ પરિવાર - સેવક ભરૂડીયા

**વિરહ આ અવનિ માં, લાગે છે બહુ આકરો સાગરે અથડાતા અમોને, હતો એક આપનોજ સહારો.**

## ધન્ય તમારી અટ્ઠાઈની તપસ્યા, સ્વીકારો અમારી અનુમોદના... DHANYA TAMARI ATTAYEENI TAPSYA, SWIKARO AMARI ANUMODANA



નતાશા અ.સૌ. દીપા યતિન દૌલત
Natasha Smt. Deepa Yatin Daulat
૨૫ વર્ષ - 25yrs



ઋષભ અ.સૌ. મનિષા કુમાર દૌલત
Rushabh Smt. Manisha kumar Daulat
૨૧ વર્ષ - 21yrs



સોહેલ અ.સૌ. સોનલ રાજેશ દૌલત
Sohail Smt. Sonal Rajesh Daulat
૧૫ વર્ષ - 15yrs



રાહેલ અ.સૌ. સોનલ રાજેશ દૌલત
Rahail Smt. Sonal Rajesh Daulat
૧૦ વર્ષ - 10yrs

-: અનુમોદના • Anumodana :-

દાદા-દાદી : **સૌ. હીરાવંતી પ્રફુલ લક્ષ્મીચંદ દૌલત** • Grand Parents : **Smt. Heeravanti Praful Laxmichand Daulat**
વતન કચ્છ સુથરી, હાલ ફોનિક્સ - અમેરિકા • Native : Kutch , Suthari • Present Residence : Phoenix, USA

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,